
સોનેરી સવાર
કેશુ શેઠનો પાડો



# સોનેરી સવાર

વિક્રમનો ૧૯મો સૈકો પોતાના ચરમ દાયકામાં પ્રવેશી ચૂક્યો હતો અને ૨૦મા સૈકાની પધરામણીનો પગરવ સંભળાઈ રહ્યો હતો તે સમય એટલે વિક્રમ સંવત ૧૯૯૨ નું વર્ષ.

આજથી  બરાબર આઠ દાયકા પહેલાં એટલે કે અષાઢી માસની વદ-૨ના દિવસે અણહિલપુર પાટણની પાવન ધરતી પર એક અવિરલ ઘટના સાકાર પામવા જઈ રહી હતી.

આકાશ ભલે અંધારિયું હતું, પણ માતા કાન્તાબેનની કુખને અને પિતા મફતભાઈના કુળને એક આભાવર્તુળે અજવાળિયું હતું. એ આભા દિવડાના પ્રકાશ જેવી ઉછીની ન'તી, રત્નના પ્રકાશ જેવી પોતિકી હતી. એટલે જ એ આભાનું નામકરણ થયું : જવાહર.

● તોફાની 'જવાહર' થી માંડી ગંભીર 'જયઘોષ' સુધી,

● અણઘડ 'મુનિ'થી માંડી ગીતાર્થ 'આચાર્ય' સુધી,

● અદકેરા 'શિષ્ય'થી માંડી સુવિશાલ સમુદાયના 'અધિપતિ' સુધી,

● આશ્રિતોની 'હિતશિક્ષા'થી માંડી સમગ્ર સંઘ અને શાસનની 'હિતચિંતા' સુધી આ આભાનો પ્રકાશ અને ઉજાસ ફેલાયેલો છે.

જવાહરનો જન્મ થતાં જ જિનશાસનના સુવર્ણાક્ષરીય ઈતિહાસ શાસ્ત્રમાં કેવલ સુવર્ણ પાનું જ નહીં, પણ પૂરેપૂરો સુવર્ણગ્રંથ જ સર્જાવા અને સમાવા લાગ્યો.

એ જીવનગ્રંથનું પ્રત્યેક પાનું, પ્રત્યેક પંક્તિ, પ્રત્યેક પદ આશ્ચર્ય, આનંદ અને અહોભાવ ઉપજાવે તેવું છે.

'અષાઢી બીજ'ના દિવસે આ અવની પર પ્રથમ શ્વાસ લેનાર જવાહરનો જન્મ-મહિનો અને તિથિ પણ કેટલાં સૂચક છે !


જવાહર ! આ 'અષાઢી' મેઘ છે, જે સર્વત્ર સમાનપણે પરોપકારની વર્ષા કરે છે, જરાય ઊંચ-નીચ કે સ્વ-પરના ભેદભાવ વિના !

જવાહર ! આ 'બીજ' છે, જે સ્વયંની ભીતરમાં જ અન્તર્મુખ રહે છે અને પોતાનામાંથી જ ઉદ્ભવેલ વિશાલ વૃક્ષના મીઠા મધુર ફળોના આસ્વાદ દાયકાઓ અને સૈકાઓ સુધી જગતને આપતું રહે છે.

અષાઢી મેઘનું ગગનમાંથી ઉતરવું કે બીજનું ધરામાંથી ઊગવું, જે ગણો તે, પણ આ એક એવી આભાનો ઉદય થયો છે, જે પોતાના મધ્યાહ્નમાં 'સિદ્ધાન્ત દિવાકર' (દિવાકર = સૂર્ય)ના નામે નવાઝાશે.

આ સૂર્ય છે, જે જ્ઞાનપ્રકાશથી 'સમસ્ત' થવાની યાત્રાએ નિકળ્યો છે, તેનો 'અસ્ત' કદાપિ નથી.

# સર્વસ્વનું સમર્પણ





# સર્વસ્વનું સમર્પણ

સંસ્કારનું જલ, શિક્ષણનું ખાતર અને શિસ્તના આતપને પામીને તો હજી એ બીજ અંકુરિત થઈ રહ્યું છે, સ્નેહના સિંચનથી હજી એ કળી ખીલી રહી છે, તે જ અરસામાં...

માળીની માવજત વિના પુષ્પ-કળીની જે દશા થાય, તેવી જ કંઈક સ્થિતિ જવાહરના જીવનમાં આકાર લઈ રહી હતી.

માતા કાન્તાને કમળો થયો. કમળામાંથી કમળી થઈ. રોગ અસાધ્ય થયો ને માત્ર ૯ વર્ષની વયના બાલ જવાહરને મૂકી માતા કાન્તા અગોચર વિશ્વની વાટે સંચર્યા.

બાલ્યકાળ, એ માવજતનો કાળ છે. નાનો છોડ હોય કે છોકરો, બન્નેને માવજતની સમાનપણે જરૂરત છે. એકને માળીની તો બીજાને માઁની. જવાહરના જીવનમાંથી માઁની ભલે વિદાય થઈ, પણ માળી તો હાજર જ છે ને ! કે જેઓના શિરે માત્ર એક પુષ્પ, એક જ છોડ જ નહીં, બલ્કે આખું ઉદ્યાન ખીલવવાની જવાબદારી છે !

માતા કાન્તાની અંત્યેષ્ટિની સમક્ષ જ પિતા મફતભાઈએ ચતુર્થ વ્રતનો સ્વીકાર કર્યો. સંયમ સ્વીકારના દૃઢ નિર્ણય સાથે પાટણ છોડી તેઓ મુંબઈ આવ્યા. જવાહરને સ્કૂલમાં મૂક્યો ને પોતે સદ્‌ગુરુની શોધમાં લાગ્યા.

●

પરમ ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ આશિષ આપ્યા : 'ભાનુ વિજય ! સિદ્ધગિરિ સિદ્ધક્ષેત્રની આ પાવન ધરા પર મારા તને આશિષ છે. જા મોહમયી મુંબઈ નગરીમાં અને શાસનના રક્ષણ અને અભ્યુદય કાજે નવયુવાન શ્રમણોની ફોજ તૈયાર કર.'

મુનિ ભાનુ વિજય અને લઘુબંધુ મુનિ પદ્મવિજયની બાંધવજોડી શંખેશ્વર તીર્થે પ્રભુ પાર્શ્વનાથનો પ્રણિધાનપૂર્વક અઠ્ઠમનો તપ ને જપ કરી મુંબઈ પધારી. વિ. સં. ૨૦૦૫માં મુનિ ભાનુ વિજયના વૈરાગ્યરસથી તરબોળ પ્રવચનોએ તો મુનિ પદ્મવિજયની સંવેગરસથી ભીની-ભીની સજ્ઝાયોએ આખું મુંબઈ હલી ગયું.

જે માતાઓ દીકરાને ધક્કો મારીને પ્રવચનમાં મોકલતી, તે જ માતાઓ દીકરાને કહેવા લાગી : 'ખબરદાર ! જો મુનિ ભાનુ વિજયના પ્રવચનમાં ગયો તો ! એમના પ્રવચનમાં એવો જાદુ છે કે ભલભલા રાગીને વિરાગી બનાવી દે !'

વિ. સં. ૨૦૦૫ના લાલબાગ, મુંબઈના ચાતુર્માસ દરમ્યાન વિશુદ્ધ સંયમચર્યા, નિર્મળ પરિણતિ અને સૂક્ષ્મ શાસ્ત્ર-પ્રજ્ઞા જોઈને પિતા મફતભાઈનું મન ઠર્યું : 'આ મહાત્મા માઁ અને માળી; બન્નેની ખોટ પૂરી શકે તેમ છે.'

પરિવારના વિરોધો અને અવરોધોને પાર કરી માત્ર ૬ મહિનામાં દીક્ષાની સંપૂર્ણ તૈયારી કરી પિતા મફતભાઈએ બાળ જવાહરની સાથે મુનિશ્રી ભાનુ વિજયના ચરણોમાં જીવનનું સર્વસ્વ સમર્પિત કરી દીધું.

વૈશાખ વદ ૬, ૨૦૦૬ના મંગલ દિવસે ભાયખલ્લા, મુંબઈ મુકામે એક સાથે ત્રણ વિકેટ ખરી ! જેમાનું એક નામ : મુનિ જયઘોષ વિજય.

સંસારની ક્રિકેટમાં જે નબળો અને અસાવધ હોય તે રમતમાંથી 'આઉટ' થઈ જાય. ધર્મના મેદાનમાં તો જે સબળો અને સાવધ હોય તે જ સંસારમાંથી 'આઉટ' થવાની હિંમત દાખવી શકે.


નવો અધ્યાય



# નવો અધ્યાય

કુમળી વય... કઠોર સંયમચર્યા... વૈશાખ અને જેઠની ઉષ્ણતા... અને તેમાં ભળ્યો મુંબઈથી પાલિતાણાનો ૭૦૦ કિ.મી.નો ઉગ્ર વિહાર! દીક્ષા લેતાંની સાથે જ બાલમુનિ જયઘોષ વિજય જાણે કે ઉષ્ણતા અને ઉગ્રતા સાથે સૌમ્યતાપૂર્વક બાથ ભીડી લેવા માંગતાં હોય!

સંયમની સાધના તો જાણે પૂર્વ ભવથી જ અભ્યસ્ત હોય એ રીતે બાલમુનિએ સંયમમાં તો તુરંત જ સ્થિરતા કેળવી લીધી, પણ સ્વાધ્યાયનો કક્કો હજી ઘુંટાતો ન'તો. સાધુભક્તિમાં એ હંમેશા મસ્ત રહેતાં, પણ શાસ્ત્ર પંક્તિમાં એ મગ્ન ન થઈ શક્યા. આમ ને આમ જોત-જોતામાં ત્રણ-ત્રણ વર્ષનો સમયપ્રવાહ વહી ગયો.

આખરે, દાદાગુરુ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ બાલમુનિની જન્મકુંડળી એક પ્રકાંડ જ્યોતિષીને આપી. જોષીએ ફળાદેશ ભાખ્યો : 'આ મુનિને સૂત્રો ગોખાવા કરતાં અર્થની સમજ આપજો. ગોખણપટ્ટી કરતાં તેમની સમજશક્તિ વિશેષ છે.' અને દાદાગુરુદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ એક નવો દાવ અજમાવ્યો.

વિ. સં. ૨૦૦૮નું ચાતુર્માસ લાલબાગ, મુંબઈમાં હતું. મુનિ ભાનુવિજયે જોત-જોતામાં નવયુવાન શ્રમણોની ફોજ તૈયાર કરી લીધી. લગભગ પાંચ વર્ષમાં ૩૫ યુવા સાધુઓ! આ યુવા સાધુઓના ઘડતરની જિમ્મેદારી ખુદ દાદાગુરુદેવશ્રીએ ઉઠાવી. સહુ સાધુઓને આસો માસમાં કર્મગ્રંથના પાઠ આપવાનું શરૂ કર્યું.

મુનિ રાજેન્દ્ર-ધર્મગુપ્ત-ભદ્રગુપ્ત-હેમચંદ્ર વિજય વિગેરે ૮ ચુનંદા સાધુઓને દાદાગુરુદેવશ્રી કર્મગ્રંથનો પાઠ આપતાં હતાં. જેમાં આ સહુ અધ્યેતા મુનિઓથી સીનિયર બાલમુનિને ૧૧માં ખેલાડી તરીકે ૯માં ક્રમાંકે ભણવા બેસાડ્યા! 'સાંભળ્યું એટલું પુણ્ય' ન્યાય દાદાગુરુદેવશ્રીએ કદાચ વિચાર્યો હશે.

'વાગ્યું તો તીર, નહીં તો તુક્કો' સમજીને દાદાગુરુદેવશ્રીએ મુનિ જયઘોષ વિ.ને પાઠમાં તો બેસાડી દીધા, પણ નિશાન સાધનાર ખુદ દાદાગુરુદેવશ્રી હોય તો 'તુક્કો' થાય જ શી રીતે?

કર્મગ્રંથના પદાર્થોને, અર્થોને બાલમુનિ એક વૃદ્ધ મહાત્માને દરરોજ રાત્રે સંભળાવતાં હતાં. પેલા વૃદ્ધ ધનપાલ મુનિ પણ 'શ્રુતં હન્તિ પાપાનિ' = 'સાંભળ્યું એટલો પાપક્ષય' સમજીને દરરોજ નિયમિત રીતે બાલમુનિનો પાઠ સાંભળતાં.

કર્મગ્રંથનો કેટલોક વિષય પુરો થયો એટલે દાદા ગુરુદેવશ્રીએ એક પરીક્ષા લીધી અને અધ્યેતાઓને કસોટીએ ચઢાવ્યા. સહુ કોઈના આશ્ચર્યના વચ્ચે બાલમુનિએ 'અપસેટ' સર્જ્યો. પ્રથમ નંબરે પાસ થયા.

ઘણીવાર મને પૂ. ગચ્છાધિપતિશ્રીને પૂછવાનું મન થઈ જાય કે 'આપ બન્ને દાદા-પૌતાએ કઈ સાંઠ-ગાંઠ કરી હતી?'

ભાયખલ્લા – મુંબઈ દીક્ષા થયા બાદ ગુરુદેવશ્રી ભાનુવિજયજી સાથે જ્યારે બાલમુનિ પાલિતાણા પહોંચ્યા અને ગિરિરાજની પાવન ધરા પર દાદાગુરુદેવશ્રીના પ્રથમ દર્શન કર્યા ત્યારે બાલમુનિના તોફાન જોઈને દાદાગુરુદેવશ્રીએ ભાનુવિજયને કહ્યું : 'તમે આ કોને લઈ આવ્યા છો?'

દાદાગુરુદેવનો હાથ બાલમુનિના મસ્તકે ફર્યા પછી કદાચ સહુએ પૂછ્યું હશે : 'તમે આ કોને લઈ આવ્યા છો!' દાદાગુરુદેવના આશિષ વરસ્યા, પ્રશ્નાર્થ ચિન્હના સ્થાને આશ્ચર્ય ચિન્હ આવી ગયું. શબ્દો એના એ જ હતાં, અર્થ પરિમાણ કેટલું બદલાઈ ચૂક્યું હતું!


સિદ્ધિના પદાર્પણ



# સિદ્ધિના પદાર્પણ

દીક્ષાને તો હજી માંડ બે વર્ષ પૂર્ણ થયા હતાં. બાલમુનિ હવે 'બાલ' મટીને તરુણ અવસ્થામાં પદ માંડી ચૂક્યા હતાં. વય જેમ જેમ વધતી જતી હતી, તોફાન તેમ તેમ ઘટતાં જતાં હતાં.

તેમાં ય, ઈંગ્લિશ મીડિયમમાં ભણેલો જવાહર; જેણે ત્રીજા ધોરણમાં નાપાસ થઈ સ્કુલ છોડી દીધી હતી, તે જ જવાહરે મુનિ જયઘોષ વિજય બનીને તાજેતરમાં જ કર્મગ્રંથના પાઠમાં ફર્સ્ટક્લાસ ફર્સ્ટ પાસ થઈ જે 'અપસેટ' સર્જ્યો હતો, તેણે સહુને અચંબામાં પાડી દીધા હતાં. જવાહરનું નૂર ઝળકી ગયું હતું ને દાદાગુરુદેવશ્રીની આંખોને સ્પર્શી ગયું હતું.

એ જ વર્ષના લાલબાગના ચાતુર્માસમાં શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી દાદાગુરુદેવશ્રીના વંદનાર્થે આવ્યા અને વિનંતિ કરી : 'આપશ્રીની પાસે છેલ્લા ત્રણ વર્ષથી શક્તિસંપન્ન નવયુવાન સાધુઓની ફોજ તૈયાર થઈ રહી છે. સંયમની સાથોસાથ જો તેમને મંત્ર-સાધનાનું બળ મળશે, તો શાસનના ઉદ્યોતક બનશે.'

ને પરિણામે મંત્ર-સાધના પર પંડિત શ્રી ધીરજભાઈનું વક્તવ્ય ગોઠવાયું.

ચાતુર્માસ પૂર્ણ થતાં બધા જ સાધુઓ વિહાર કરી ગયા પણ પેલા 'નમો જિણાણં જિઅભયાણં' મંત્રજાપની વાત મુનિ જયઘોષ વિજયના મનમાંથી હાલતી ન'તી.

આખરે દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી મુંબઈ-મુલુંડ ઝવેર રોડના ઉપાશ્રયની એક રૂમમાં મુનિ જયઘોષ વિજયજીએ જાપના મંડાણ કર્યા. લાગલગાટ ૩ દિવસ સુધી તપની સાથે જપ પ્રારંભ્યો. કલ્લાકો સુધી મુનિશ્રીએ પદ્માસનસ્થ મુદ્રામાં એકાગ્રચિત્તે અખંડ અજપાજપ મંત્ર ઉચ્ચાર્યો.

જ્યારે તે સમયનું કલ્પનાચિત્ર મનમાં ઉપસે છે ત્યારે જ્ઞાનસારનો પેલો શ્લોક સહસા સ્મરી ઉઠે છે : 'જિતેન્દ્રિયસ્ય ધીરસ્ય...' ઈન્દ્રિયોને જીતીને, ધીર અને સ્થિર બનીને પ્રસન્ન અને અપ્રમત્ત ધ્યાનયોગી નિર્દ્વન્દ્વ આત્મિકસુખ સામ્રાજ્યના સીમાડા વિસ્તારે છે, તેવા ધ્યાની ત્રણે લોકમાં ઉપમાતીત છે.

મુનિશ્રી જયઘોષ વિજયજીના જીવન તટ પર સંયમ અને સ્વાધ્યાયની સાથે સાધના ભળી. ત્રિવેણી સંગમે મુનિશ્રી સ્વયં એક પ્રયાગતીર્થ બન્યા.

સાધનાની ફળશ્રુતિ સ્વરૂપે મુનિશ્રીને રાત્રે સ્વપ્નમાં એક દૈવીસંકેત થયો. જેમાં ત્રણ વાત હતી :

૧) ગુરુથી કોઈ વાત છુપાવવી નહીં, ગુરુની ઈચ્છાનુસારે વર્તવું.

૨) સાધુ સેવાના અવસરે બીજા બધા કાર્યો ગૌણ કરવા.

૩) બીજા ફાલતું કાર્યોમાંથી મુક્ત થઈ સ્વાધ્યાયમાં તલ્લીન બનવું

આ સંકેત તો જાણે 'ભાવતું'તું ને વૈદ્યે કીધું' જેવો થયો. મુનિ જયઘોષ વિજયજીએ જીવનમાં ત્રણ સૂત્રો આત્મસાત્ કરી લીધા : સમર્પણ, સેવા, સ્વાધ્યાય. મુનિ જયઘોષ વિજયજી વર્તમાનમાં ભૌતિક દૃષ્ટિએ ટોચ પર છે તો આધ્યાત્મિક દૃષ્ટિએ પણ અનન્ય છે. 'સ્વયંની સિદ્ધિનો રાઝ આ સંકેતની વાતો છે' એમ તેઓ ખુદ જણાવે છે.

જે કેડી પર ચાલીને મુનિશ્રી શિખર પર પહોંચ્યા, તે માર્ગ મુનિશ્રીએ બનાવ્યો પણ ખરો અને આપણને સહુને બતાવ્યો પણ ખરો.


વિહાર : ગુરુના હૃદય સુધી



# વિહાર : ગુરુના હૃદય સુધી

સમર્પણ, સેવા અને  સ્વાધ્યાયની મંગળ ત્રિપુટીએ મુનિ જયઘોષ વિજયને છેલ્લી હરોળમાંથી પ્રથમ પંક્તિમાં લાવીને મૂકી દીધા.

થોડો ર્બકફ્લેશ જોઈએ તો, આ એ જ જવાહર કે જે ત્રીજા ધોરણમાં નાપાસ થઈ સ્કુલ છોડી દીધી. આ એ જ મુનિ જયઘોષ વિજય કે વિ.સં. ૨૦૦૮ કે ૯ માં જ્યારે દાદા-ગુરુદેવશ્રીએ અભિગ્રહ કર્યો : મુનિ રાજેન્દ્ર ચંદ્રશેખર - હેમચન્દ્ર - ધર્મગુપ્ત - ભદ્રગુપ્ત વિજય વગેરે આઠ સાધુઓ જ્યાં સુધી ૪૫ આગમ ન વાંચે ત્યાં સુધી મિષ્ટાન્નનો ત્યાગ !

આશ્ચર્યની વાત એ છે કે આ સર્વે મહાત્મા કરતાં મુનિ જયઘોષ વિજય મોટા હતાં, છતાં આ લિસ્ટમાં 'જયઘોષ'ના નામનો ઘોષ ન'તો સંભળાતો. આમ વિચારીએ તો આ લિસ્ટમાં નામ ન આવતાં મુનિ જયઘોષ વિજય 'નાપાસ' થયેલ ગણાય. છતાં તેઓ નાસીપાસ ન'તાં થયા. માટે જ આનંદની વાત એ છે કે લિસ્ટમાં નામ ન હોવા છતાં સહુ પ્રથમ ૪૫ આગમ મુનિ જયઘોષ વિજયે વાંચ્યા.

જે મુનિએ જીવનનો પ્રથમ આગમગ્રંથ 'રાયપ્પસેણી' વાંચ્યો ત્યારે તેઓ ખુદ કહેતાં કે 'આ ગ્રંથ મારા માટે કાળો અક્ષર ભેંસ બરાબર છે.' એ જ મુનિની ગીતાર્થતા આજે જિનશાસનમાં સર્વોચ્ચ છે ! આ અસાધારણ કેમિકલ ચેન્જનું રિઝન સાધારણ ગણાતાં વિહારમાં છે.

વિહાર ખડકી ગામથી તલેગાંવ તરફનો હતો, આ ક્ષેત્ર અપેક્ષીને વિહાર હતો, વાસ્તવમાં - ભાવથી તો દાદાગુરુદેવના હૃદય સુધી પહોંચવાનો વિહાર હતો.

વાત એવી બની કે વિ.સં. ૨૦૧૧નું ચાતુર્માસ અહમદ નગરમાં પૂર્ણ કરી વાયા પૂના મુંબઈ તરફનો વિહાર ચાલુ હતો.

પૂનામાં પરમ પૂજ્ય આચાર્યશ્રી જંબુસૂરિજી મ. ના દર્શન - વંદનનો લાભ લઈ સહુ મહાત્માઓએ દાદાગુરુદેવ સાથે સાંજે ખડકી ગામે વિહાર કર્યો.

રાતના સમયે મુનિ જયઘોષ વિજયને તાવ ચઢ્યો. થર્મોમિટરનો પારો ૪ ડીગ્રીને ક્રોસ કરી રહ્યો હતો. બીજા દિવસે સવારે ૧૨ માઈલ (લગભગ ૧૮ કિ.મિ.)નો વિહાર હતો, સાંજનો તો જુદો જ !

શરીર તૂટવું, નબળાઈ, માથું દુઃખવું ... વગેરે તાવની બધી પીડાને ગૌણ બનાવી મુનિ જયઘોષ વિજયજીએ દાદાગુરુદેવની નિશ્રામાં સાથે રહી સવારનો વિહાર પગપાળા કર્યો જ. બપોરના સમયે જ્યારે મુનિશ્રી સંથારા પર આરામ લેતાં હતાં ત્યારે લગભગ ૨:૩૦ વાગે દાદાગુરુદેવશ્રીએ તરપાણી લઈ આગળના મુકામ તરફ વિહાર પ્રારંભી દીધો. સાધુઓને જણાવી દીધું કે 'જયઘોષ વિ.ને ડોળીમાં લઈ આવજો.

ભાવથી સદાય માટે દાદાગુરુદેવશ્રીના નૈકટ્યમાં વસતાં મુનિશ્રીને દ્રવ્યથી ય ક્ષણમાત્ર દાદાગુરુદેવશ્રીનું વ્યવધાન મંજૂર ન'તું. 'દાદાગુરુદેવશ્રી વિહાર કરી ગયા છે.' જ્યારે મુનિશ્રી ઉઠ્યા ત્યારે જાણ થઈ કે તુરંત જ ખભે કામળી અને હાથમાં દાંડો લઈ મુનિશ્રી  ચાલી નિકળ્યા.

ચાર વાગ્યાની આસપાસ દાદાગુરુદેવશ્રીને ભેગા થઈ ગયા. અને ત્યાર પછીના દરેક વિહારમાં મુનિ જયઘોષ વિજયના એક હાથમાં પાણીનો ઘડો હોય ને બીજા હાથમાં જીવન ઘડવૈયાનો હાથ હોય. આ માત્ર ગુરુ અને શિષ્યનું મિલન જ ન'તું, પણ અભેદ સધાયો હતો.


શાસ્ત્ર સમંદરના મરજીવા
निशिथ सूत्र
बृहत्कल्प सूत्र
व्यवहार सूत्र
दशाश्रुतस्कंध सूत्र
महानिशिथ सूत्र
पंचकल्प सूत्र



# શાસ્ત્ર સમંદરના મરજીવા

વાત છે માટુંગા-મુંબઈની. સમય રાતનો લગભગ ૮.૦૦ વાગ્યાનો. કર્મગ્રંથનો અર્થ-સ્વાધ્યાય પૂરા જોશમાં ચાલુ હતો.

આમ પણ બાલમુનિ જયઘોષ વિજયની વય ભલે 'બાલ' હતી, પણ સમજ પ્રૌઢ હતી. તેમને સૂત્ર ગોખવા કરતાં અર્થ સમજવામાં વધારે મજા આવતી.

માટે જ દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરિ મ. કો'ક જ્યોતિર્વિદ્‌ને બાલમુનિની કુંડળી દેખાડી ત્યારે જ્યોતિષીએ ભાખ્યું : 'આમની ગોખણપટ્ટી કરતાં સમજશક્તિ વધુ શક્તિશાળી છે.'

બસ, બાલમુનિ તો અલમસ્ત રહી કર્મગ્રંથના અર્થો સમજવા લાગ્યા, ગોખ્યા સિવાય.

મૂળ વાત, રાત્રે મુનિ જયઘોષ વિજય લોકપ્રકાશ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર વાંચતાં હતાં ને દાદાગુરુદેવશ્રીને સમાચાર મળતાં તેઓશ્રીએ જયઘોષ વિજયને બોલાવીને કહ્યું : 'હવેથી તારું ગુજરાતી વાંચવાનું બંધ. જે વાંચવાનું તે સંસ્કૃત-પ્રાકૃતમાં જ. જો ગુજરાતી વાંચ્યું તો મારે દૂધનો ત્યાગ!' પણ મુનિશ્રીએ ત્યાગ કરવાનો અવસર જ ના આપ્યો !

ને જયઘોષ વિજયની અગોચર ઐતિહાસિક સફળતાની દિશા ખૂલી ગઈ, સફળતા ખીલી ગઈ.

દાદાગુરુદેવશ્રીનો અનહદ અનુગ્રહ અને મુનિ જયઘોષ વિજયનું ઉત્કૃષ્ટ ઉપાદાન ! આ જુગલબંધીએ અનોખો ચમત્કાર સર્જી દીધો, જેને સમગ્ર જૈન સમાજ યુગો સુધી અહોભાવ પૂર્વકના 'અહો'ના ઉદ્‌ગારથી નવાઝતો રહેશે.

નિખાલસતા, સરળતા, સહજતા વગેરે ઉજાગર થતાં ગુણો તથા સ્વાધ્યાયમાં પ્રથમ નંબર, રાયપ્પસેણી ગ્રંથ વાંચન, ખડકીથી વિહાર વગેરે ઉઘડતાં બનાવોએ દાદાગુરુદેવશ્રીની આંખો સ્પર્શી ગયેલાં અને હૃદયમાં વસી ગયેલાં મુનિ જયઘોષ વિજય પર દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરિ મ.નો શક્તિપાત થયો.

હજી ૪ વર્ષ પહેલાં તો જે મુનિ કર્મગ્રંથનો કક્કો શીખતાં હતાં, સંસ્કૃત 'રાયપ્પસેણી' ગ્રંથ જેમના માટે 'કાળો અક્ષર ભેંસ બરાબર' હતો તે જ મુનિ માત્ર ૪ વર્ષના ટૂંકાગાળામાં; ૪૦ વર્ષે ય જે ગ્રંથ ભણવા માટેની યોગ્યતા ને પરિપકવતા ન પાકે, તેવા ગ્રંથો-છેદ સૂત્રોના અધ્યેતા બન્યા!

વિ. સં. ૨૦૧૨ની સાલથી જ દાદાગુરુદેવશ્રીએ નિશીથ વગેરે છેદસૂત્રો મુનિ જયઘોષ વિજયના 'સ્ટડી કોર્સ'માં સામેલ કરી દીધા. દાદાગુરુદેવશ્રીને જ્યારે જ્યારે નિશીથ વગેરે શાસ્ત્રોમાંથી શાસ્ત્રપાઠના રેફરન્સ જોઈએ ત્યારે મુનિ જયઘોષ વિજયજીને જણાવી દે : 'જયઘોષ ! નિશીથના આ પ્રકરણમાં આ વિષયમાંથી આવા પ્રકારનો પાઠ શોધી આપ.'

ને આ સાથે જ શાસ્ત્ર - સમંદરના પેટાળમાં જઈને શાસ્ત્ર રહસ્યોના મૂલ્યવંત રત્નોને ઉલેચનાર એક મરજીવાનું સર્જન થવા લાગ્યું. વિ. સં. ૨૦૧૩ની સાલમાં ખુદ દાદાગુરુદેવશ્રીએ વિધિવત્ છેદશાસ્ત્રોનું અધ્યયન કરાવ્યું.


આ સૂત્રો કિંમતી છે, જેની કિંમત રૂપિયામાં નહીં, પણ ડૉલરથી પણ આગળ વધીને પાઉન્ડમાં ય આંકી ન શકાય. આ સૂત્રો 'રત્ન' છે, જેના તેજને 'કોહિનૂર'ની સાથે ય સરખાવી ન શકાય. આ સૂત્રો 'સિંહણના દૂધ' જેવા છે, જેને ચાવવા-પચાવવા તો ઠીક, ધારવા માટે ય સુવર્ણનું પાત્ર જોઈએ.

જવાહરનો જન્મ થયો ત્યારે દાદા ચુનીભાઈએ ભવિષ્ય ભાખ્યું હતું : 'આ બાળક ૨૧માં વર્ષે કરોડપતિ બનશે !' સાચ્ચે જ, દાદા ગુરુદેવશ્રીએ જ્યારે મુનિ જયઘોષ વિજયને છેદસૂત્રો શીખવ્યા ત્યારે જયઘોષ વિજયની ઉંમર હતી : ૨૧ વર્ષ !

# સર્જનના સૂત્રધાર



मूलपयडिबंधो
मूलपयडिरसबंधो
मूलपयडियपएसबंधो
मूलपयडिठिइबंधो
उत्तरपयडिबंधो
उत्तरपयडिरसबंधो
उत्तरपयडियपएसबंधो
उत्तरपयडिठिइबंधो



# સર્જનના સૂત્રધાર

મુનિ જયઘોષ વિજયની દીક્ષાની સાથે મુંબઈ નગરીમાં જાણે દીક્ષાયુગનો પ્રારંભ થયો.

મુનિ ભાનુ વિજયજી મહારાજના પ્રવચનોએ ભલભલાં લબરમુછિયા યુવાનોને વિલાસી માર્ગે જતાં થંભાવી દીધા. જીવતલાલ પ્રતાપશીના પૌત્ર ગર્ભશ્રીમંત ઈન્દ્રવદન દીક્ષા લઈ મુનિ ચંદ્રશેખર વિજય બન્યા. તો મુંબઈમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં હીરો બનવા આવેલ મૂળચંદ મુનિ ભાનુ વિજયની સંયમી દુનિયામાં પ્રવેશી મુનિ ભદ્રગુપ્ત વિજય બની ગયા તો સગાઈ થઈ ગઈ હોવા છતાં તે બંધનોને ફગાવી દેનાર હીરાલાલ મુનિ હેમચંદ્ર વિજય બની ગયા

શ્રીમંત ને ખાનદાન કુળમાં આવેલા યુવાન સાધુઆને સંયમમાં સ્થિર કરી દેવા અને તેમની અખૂટ યૌવનશક્તિને શાસનના, શાસ્ત્રના ને સર્જનના કાર્યમાં વાળી દેવા માટે દાદાગુરુદેવશ્રીએ 'કર્મગ્રંથ નવસર્જન'ની યોજના ઘડી. જેને આજની આધુનિક ભાષામાં 'પ્રોજેક્ટ' પણ કહી શકાય.

મુનિ જયઘોષ વિજય વગેરે આખી ટીમ કર્મગ્રંથના અભ્યાસમાં અને સંશોધનમાં લાગી ગઈ. શ્વેતામ્બરીય ગ્રંથોના અભ્યાસ પછી દિગમ્બરીય ગ્રંથોનું પણ સાંગોપાંગ અધ્યયન કર્યું.

એક નાનું પણ સર્જન થાય તેની પાછળ કેવો કલાકોનો પરિશ્રમ હોય છે? તે જાણવું હોય તો આ ટીમના 'અભ્યાસ' પર અભ્યાસ કરવો રહ્યો.

વિ. સં. ૨૦૧૦ની સાલમાં અહમદનગરના ચાતુર્માસમાં મુનિ જયઘોષ-ધર્માનન્દ-હેમચન્દ્ર વિજયજીની ત્રિપુટીએ દિગમ્બરીય 'ગોમ્મટ સાર' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથનું અધ્યયન શરૂ કર્યું. ત્યારે ૯.૦૦ વાગે આ જોડી વાંચવા બેસતી, તે એકધારું વાંચન કરી ઠેઠ બપોરે ૩.૦૦ વાગ્યા બાદ ઊભી થતી. સાતત્ય પૂર્ણ દરરોજ ૬ કલાકનો સ્વાધ્યાય યજ્ઞ મંડાતો.

શ્વેતામ્બરીય-દિગમ્બરીય કર્મવિષયક સઘળા ગ્રંથોનો સાંગોપાંગ અભ્યાસ કર્યા બાદ વિ. સં. ૨૦૧૭ની સાલમાં દાદાગુરુદેવશ્રીના પરમાશીષ મેળવી ૧૧ સાધુઓની ટીમે 'કર્મગ્રંથ નવસર્જન'નું સર્જનાત્મક કાર્ય પ્રારંભ્યું, કે જેનો છેડો ઠેઠ વિ. સં. ૨૦૩૪માં એટલે કે ૧૭ વર્ષ બાદ આવવાનો હતો.

આ રચના કાર્યમાં ત્રણ મુખ્ય ધુરંધર હતાં, કે જેમણે રચના કાર્યનું રૉ-મટીરીયલ એટલે કે પદાર્થ સંગ્રહ તૈયાર કરવાનો હતો. તે ત્રણ મુનિ એટલે સહુ પ્રથમ મુનિ જયઘોષ વિજય, મુનિ ધર્માનન્દ વિજય, મુનિ હેમચંદ્ર વિજય. આ પદાર્થ પરથી મુનિ વીરશેખર વિજય પ્રાકૃત ભાષામાં શ્લોકની રચના રતાં ને અન્ય મુનિશ્રીઓ તે શ્લોક આધારે સંસ્કૃત ટીકા રચતાં.

મુનિ જયઘોષ વિજય ત્રણ મોરચે હતાં.

(૧) પદાર્થ સંગ્રહ, (૨) ૪૦,૦૦૦ સંસ્કૃત શ્લોક પ્રમાણ નૂતન સર્જન. (૩) રચિત બધા જ સાહિત્યનું સંશોધન!

વિ. સં. ૨૦૧૭ની સાલથી પ્રારંભ પામેલા આ કાર્યમાં કેવો સુંદર યોગાનુયોગ ગોઠવાયો, '૧૭'ના મેજિક આંકનો! મુનિ જયઘોષ વિજયે કર્મગ્રંથનો અભ્યાસ ચાલુ કર્યો, ત્યારે તેમની વય હતી : ૧૭!

કર્મગ્રંથ નવસર્જનના મંડાણ થયા, તે સાલ હતી : ૨૦૧૭ની!

૨૦૧૭ થી ૨૦૩૪ સુધી કાર્ય ચાલ્યું, તે કુલ સર્જનકાળ હતો : ૧૭ વર્ષ!

અને આ ૧૭ વર્ષમાં કુલ ગ્રંથ-વૉલ્યુમ રચાયા, તેનો સ્કોર હતો : ૧૭!

# મમત્વને પેલે પાર





# મમત્વને પેલે પાર

દાદાગુરુદેવશ્રી પ્રેમ સૂરીશ્વરજી મહારાજ એટલે નિઃસ્પૃહ, નિર્લેપ અને નિરપેક્ષ વ્યક્તિત્વ ! બાહ્ય ભૌતિક સઘળી સ્પૃહાઓને આશંસાથી તદ્દન પેલે પારનું અસ્તિત્વ !

જે કાળમાં 'કર્મગ્રન્થ'નું નામ પણ એટલું સંભળાતું ન'તું, તે સમયમાં કાપડની પોથીના આવરણમાં ઢંકાયેલ કર્મગ્રન્થોનો સ્વયંબળે અભ્યાસ કર્યો. કર્મ પ્રકૃતિના અકાટ્ય સિદ્ધાંતો અને જટીલ ગણિતોને ઉકેલ્યા, ઉલેચ્યા ને વર્ષોથી જ્ઞાનભંડારમાં જાણે અસ્પૃશ્ય જેવા બની ગયેલ ગ્રન્થોના પાના પરની જ રજ નહીં, પણ વાસ્તવમાં જૈન શાસનના આ કર્મસિદ્ધાન્તોને જૈન સંઘના ઘર-ઘરમાં પ્રસારી સ્વયંના અને અનેકોના આત્મા પર લાગેલ કર્મની રજ પણ ખંખેરી !

શાસ્ત્ર-અભ્યાસના ક્રમમાંથી લુપ્ત જેવા થઈ ગયેલા કર્મ વિષય ગ્રન્થોના સ્વાધ્યાયને પુનર્જીવિત કરવા માટે દાદાગુરુદેવશ્રીએ કમર કસી. નવ યુવાન શ્રમણોની ફોજને નવસર્જનના કાર્ય માટે સક્ષમ બનાવી. માત્ર જ્ઞાન જ નહીં. પણ આચારમાં પણ સાધુઓ સુસ્ત ન બને પણ ચુસ્ત રહે, તે માટે દાદાગુરુદેવશ્રીએ એક પ્રયોગ કર્યો.

વિ.સં. ૨૦૧૫નું ચાતુમાસ સુરેન્દ્રનગરમાં નક્કી થયું. ત્યાંથી માત્ર ચાર જ કિ.મિ.ના અંતરે વઢવાણ ગામ. નાનું પણ ભાવિક. સ્વાધ્યાય અને સંયમની દૃષ્ટિએ એકદમ અનુકૂળ.

દાદાગુરુદેવશ્રીએ સાધુઓને ચકાસ્યા ને ચુનંદા શ્રમણોની ટીમ તૈયાર કરી વઢવાણ ગામે ચાર્તુમાસ માટે મોકલી. જ્ઞાનાભ્યાસનો ટાર્ગેટ આપ્યો ને આચારના ઉચ્ચ નિયમો પણ બાંધ્યા.

મુનિ જયઘોષ વિજયના વડપણ હેઠળ લગભગ ૧૫ સાધુઓનું ચાર્તુમાસ વઢવાણ થયું. ગહન અભ્યાસ અને કડક આચારમાં મસ્ત રહેતાં સાધુઓ જગથી તો નિરાસંશ બન્યા જ, પણ જાતથી ય નિરપેક્ષ થઈ ગયા.

શાસ્ત્રોનો અભ્યાસ કેવા સુંદર રૂપે અમલમાં મૂકાયો ને હોઠે ચઢેલાં શાસ્ત્રો કેવાં હૈયા સોંસરવા ઊતરી ગયા? તેનું 'ટીમ-લીડરે' જ ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું !

ક્યાંક જતાં-આવતાં મુનિ જયઘોષ વિજયને પગમાં ઠેસ લાગી. 'શું લાગ્યું?' તે જોવાની ય ફૂરસદ કોને હતી?

દિવસો પર દિવસો જતાં ગયા. તેમ વધારે દુઃખતું અને ખૂંચતું લાગ્યું. લગભગ ૧૫ દિવસ પછી પગે જોવાની તસ્દી (!) લીધી ત્યારે ખબર પડી કે એક આંગળ જેટલી લાંબી લાકડાની ફાંસ પગમાં ઘૂસી ગઈ હતી પરુ જામી ગયું હતું ને સેપ્ટીક થઈ ગયું હતું.

પણ અહીં તો સમય પણ કોને હતો ને સંભાળ પણ કોને હતી? હળવેકથી ફાંસ ખેંચી, કપડાથી પરુ દબાવીને કાઢી લીધું. ન ડેટોલ કે પાટાપીંડીના નુસખા !

આજે પણ પગ પર નિશાન તરીકે રહી ગયેલું તે ચિહ્ન; **'अवि अप्पणोवि देहम्मि, नायरंति ममाइयं'** દશવૈકાલિકનું હોઠે ગોખેલું સૂત્ર હૈયે કેવું સ્પર્શી ગયું છે? તેનું લાઈવ ટેલિકાસ્ટ કરી રહ્યું છે !


પુણ્યની બાટલી



# પુણ્યની બાટલી

વિ. સં. ૨૦૧૩થી મુનિ જયઘોષ વિજયને દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સ્વયં છેદસૂત્રોનું વાંચન કરાવ્યું.

જે બાલમુનિ સંસ્કૃતનો અભ્યાસ ૭-૭ વખત શરૂ કરી, હારી-થાકીને છોડી દીધો ને પ્રાકૃત તો ભણવાની હિંમત (!) જ ન કરી. તે બાલમુનિ પર દાદાગુરુદેવશ્રીનો શક્તિપાત થયો ને જાણે દાદાગુરુદેવશ્રીના જ્ઞાન અને અનુભવનો વિનિયોગ થઈ ગયો.

પ્રાકૃત ભાષામાં રચાયેલ છેદ સૂત્રોના મૂળસૂત્રો અને તેના ઉપર સંસ્કૃત ભાષામાં રચાયેલ ટીકાઓ બાલમુનિ સહજ રીતે સડસડાટ વાંચવા લાગ્યા.

૨૦૧૩માં બૃહત્કલ્પ તો ૨૦૧૪માં નિશીથ ને ૨૦૧૬ સુધીમાં તો વ્યવહાર સૂત્ર સહિત છેદસૂત્રોનું સાંગોપાંગ અધ્યયન કર્યું. સાથે સાથે કર્મગ્રંથ-સર્જનની પૂર્વ તૈયારી સ્વરૂપે કમ્મપયડી વગેરે અધ્યયન તો ખરું જ !

આ વર્ષનું એટલે કે ૨૦૧૬નું ચાતુર્માસ શિવગંજમાં કરી દાદાગુરુદેવશ્રી મારવાડ તરફ સંચર્યા. શિલદર મુકામે ઉપધાન તપના મંડાણ થયા. દાદાગુરુદેવશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી યશોદેવસૂરિ મહારાજની પણ ઉપસ્થિતિ હતી.

તેમના એક વયોવૃદ્ધ શિષ્ય હતાં, નામે મુનિ લાવણ્ય વિજય. બાલમુનિ જયઘોષ વિજયને તો પ્રથમથી જ સાધુભક્તિની ટેવ હતી.

જવાહર હતાં ત્યારે સાધુઓના પાત્રામાં ચોકલેટ પધરાવી (!) આવતાં તો દીક્ષા બાદ, કોઈ સાધુ પાઠ લેવા બેઠા હોય તો ગુપચૂપ તેમનો ઓઘો લઈ બાંધી લેતાં કે કપડાંનો કાપ પણ કાઢી લેતાં. અરે ! માત્ર ૧૫ જ વર્ષની ઉંમરથી તેઓ ગોચરી લેવા જતાં થઈ ગયાં !

તેમાં ય જ્યારે વૃદ્ધ મહાત્માની સેવાની વાત આવે તો બધું જ ભૂલી જાય, આજની તારીખે ય !


બાલમુનિ જ્યારે વંદન કરવા નીકળ્યા, ત્યારે તે વૃદ્ધ મુનિ લાવણ્ય વિજય બાટલીમાં દવા ભરી રહ્યા હતાં. આંખે ઝાંખપ હોવાને કારણે જેટલી દવા બાટલીમાં ભરાતી, તેથી વધુ દવા બાટલીની બહાર ઢોળાતી.

આ દેખતાંની સાથે મુનિ જયઘોષ વિજયજી તેમના હાથમાંથી બાટલી લઈ જાતે દવા ભરવા બેસી ગયા.

પાછળની બાજુના દાદરા પરથી તે જ સમયે નવકાર મંત્ર આરાધક પંન્યાસશ્રી ભદ્રંકર વિજયજી મહારાજ એક મહાત્મા સાથે ઉતરી રહ્યા હતાં. તેઓશ્રીએ આ વિરલ દૃશ્ય જોયું ને સાથે ચાલતાં મહાત્માને, જયઘોષ વિજય તરફ આંગળી ચીંધી કહ્યું : 'જો, જયઘોષ બાટલીમાં માત્ર દવા નથી ભરતો, પુણ્ય ભરી રહ્યો છે !'

દુઃષમ કલિકાલમાં જ્ઞાન અને પુણ્ય, બંનેયનો એક જ સ્થાને સંયોગ થવો દુર્લભ છે. પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાએ જ્ઞાનના તો શિખર સર કર્યા જ છે, સાથે સાથે તેઓશ્રી પુણ્યની ય ટોચ પર બિરાજમાન છે.

પૂજ્યપાદશ્રીને પૂછવાનું મન થઈ જાય : 'ગુરુદેવ ! આપશ્રીએ આવી કેટલી પુણ્યની બાટલીઓ ભરી છે ?'


શ્રદ્ધા એ જ સિદ્ધિ
नमो अरिहंताणं



# શ્રદ્ધા એ જ સિદ્ધિ

'નમો જિણાણં જિઅભયાણં' મંત્રનો જાપ કર્યે મુનિ જયઘોષ વિજયને કેટલાક વર્ષો વીતી ગયા. મંત્રના સંકેત પ્રમાણે બાલમુનિ સેવા, સમર્પણ અને સ્વાદયાયના યોગમાં પૂરા જોશથી જોડાઈ ગયા ને સ્વયં 'યોગ સાધક'થી સાધના શરૂ કરી 'સિદ્ધયોગી' સુધીની યાત્રાના મહાપથિક બન્યા.

તેમના હાથમાં જિનવચન રહેતું, તો જીભે ય જિનવચન જ રમતું ને ચિત્તમાં ય જિનવચન જ રટાતું, જિનવચનમાં જ રમણતા અને જિનવચનની જ રટણતા. માટે જ તેમના માટે લખાયું : 'ગચ્છાધીશ જયઘોષ સૂરીશ્વર, શાસ્ત્રો સઘળા જીહ્વા ધારે, શાસ્ત્ર સમંદર પાર કરીને, સ્વયં બન્યા શ્રુતસાગર જાણે.......'

સતત જિનવચનમય બની ગયેલ મુનિ જયઘોષ વિજય જપ પણ માત્ર 'જિન'નો જ કરતાં. એ 'નમો જિણાણં...'નો હોય કે 'નમો અરિહંતાણં'નો હોય.

નમસ્કાર મહામંત્રની તાકાત વિશ્વના સર્વમંત્રો કરતાં વધુ શક્તિશાળી છે, તે આપાણે જાણીએ છીએ. પણ તેમાં આપણી શ્રદ્ધા કેટલી? જ્ઞાન છે, પણ શ્રદ્ધા? અને શ્રદ્ધાનું પારખું કસોટીએ જ થાય છે. કસોટીમાંથી જે પાર પડે, તેને જ ૨૪ કેરેટ સોનું કહેવાય.

મુનિ જયઘોષ વિજયને એકવાર ખુદ દાદાગુરુદેવશ્રીએ કસોટીએ ચઢાવ્યા.

બન્યું એવું કે એક માંત્રિક દાદાગુરુદેવશ્રી પાસે આવ્યા ને પોતાની સાધના, સિદ્ધિ અને શક્તિની વાત કરી.

તપાસવા માટે કે ચકાસવા માટે, જે ગણો તે; દાદાગુરુદેવશ્રીએ જયઘોષ વિજયને બોલાવી તે માંત્રિક સાથે બેસાડી દીધા.

માંત્રિકની સાથે કોઈ પણ પ્રકારની પૂર્વભૂમિકા બાંધ્યા વગર સીધુ જ મુનિશ્રીએ જણાવી દીધું કે 'તમે તમારો મંત્ર રટો. હું મારો મંત્ર જપું છું. ૧૫ મિનિટનો સમય છે. મારા પર તમારે જે પ્રયોગ કે અખતરા કરવા હોય, તેની છૂટ છે!'

રૂમનો દરવાજો બંધ કરી, બંને જણ પ્રયોગ કરવા બેસી ગયા. એક બાજુ, માંત્રિક પાસે વર્ષોથી જપેલ મંત્રનું 'સંખ્યાબળ' હતું, તો બીજી બાજુ મુનિશ્રી પાસે શાશ્વતમંત્ર પરત્વેનું અનન્ય 'શ્રદ્ધાબળ' હતું. એકે અતૂટ પુરુષાર્થ કરી મંત્ર-દેવતાને વશ કર્યા હતાં, તો બીજા અદ્ભુત સંયમ અને સત્ત્વ સાથે મહામંત્રને સમર્પિત થયા હતાં. નવા નિશાળીયાએ (!) વર્ષોના અનુભવીને પડકાર ફેંક્યો હતો.

૧૪મી મિનિટે હારી-થાકીને માંત્રિકે પોતાની હાર સ્વીકારી વિજયનો હાર મુનિશ્રીના મસ્તકે આરોપતાં કહ્યું : 'ચોક્કસ, તમારી પાસે કોઈ મજબુત મંત્રનું કવચ છે, જેથી મારા કોઈપણ મંત્ર પ્રયોગની અંશમાત્ર તમને અસર થતી નથી.'

વાસ્તવમાં, અનહદ શ્રદ્ધા સાથે મુનિશ્રી ત્યારે નમસ્કાર મહામંત્રનો જ જાપ જપતાં હતાં.

આજે ય, ગચ્છાધિપતિ બન્યા બાદ પણ તેઓ માત્ર સૂરિમંત્ર અને નમસ્કાર મંત્રનો જ જાપ જપે છે.

જાણે કે 'નમો આયરિયાણં' થી 'નમો અરિહંતાણં' સુધી પહોંચાડતાં જપ-સેતુનું સર્જન ન કરતાં હોય!

# પ્રાકૃતમાં અપ્રાકૃત વાચના





# પ્રાકૃતમાં અપ્રાકૃત વાચના

એક તોફાની બાળકથી માંડી એક અનન્ય ગંભીર મુનિ સુધીના તબક્કામાંથી મુનિ જયઘોષ વિજય પસાર થઈ રહ્યા છે.

સાવ જ નાની વયમાં દીક્ષા... 'દીક્ષા કેમ લીધી?' પૂછીએ તો જવાબ મળે : 'બસ, બાળ મગજમાં હતું કે પિતાજી જેમ કરે તેમ કરવું. પિતાજી દીક્ષા લે તો આપણને દીક્ષા લેવામાં શું વાંધો?'

તળિયે બેસી ગયેલો અભ્યાસ... સાત-સાત વાર તો સંસ્કૃત ભણવાનો પ્રયાસ કર્યો, આખરે 'વ્હાઈટ વૉશ' થયો. 'પ્રથમ આગમ કયું વાંચ્યું?' પૂછીએ તો જવાબ મળે : 'રાયપ્પસેણી. અર્થ કંઈ સમજાય નહીં. બસ, કાળો અક્ષર ભેંસ બરાબર!'

દરેક લિસ્ટમાં છેલ્લો નંબર... દીક્ષા યુગના પ્રારંભમાં મુનિ જયઘોષ વિજય પ્રથમ હોવા છતાં સ્વાધ્યાયના કે વાંચનના લિસ્ટમાં છેલ્લા અગ્યારમાં ખેલાડી તરીકે નામ નોંધાય. 'આપ તો સહુથી મોટા હતાં, છતાં આવું કેમ?' પૂછીએ તો જવાબ મળે : 'ભણવામાં મારો ડાબા હાથનો પહેલો (!) નંબર હતો!'

આ મુનિ પર દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો એવો શક્તિપાત થયો કે જવાહરનું હીર બદલાઈ ગયું ને જયઘોષ વિજયનું નૂર બદલાઈ ગયું.

દીક્ષા નાની વયમાં... તો સામે, મોટા ગચ્છના અધિપતિ!

અભ્યાસ સાવ તળિયે... તો સામે, સિદ્ધાંત દિવાકર!

દરેકમાં છેલ્લો નંબર... તો સામે, ગીતાર્થ મૂર્ધન્ય!

આ હરણફાળમાં મૂળ હતું : સ્વીકારભાવ! દાદાગુરુદેવશ્રીની કોઈ પણ વાતનો મુનિશ્રીએ અસ્વીકાર ન'તો કર્યો. માટે જ એક આશ્ચર્યકારક ઘટના ખંભાતમાં ઘટી.

દાદાગુરુદેવશ્રીએ અચાનક જ મુનિ જયઘોષ વિજયને ફરમાવ્યું : 'જયઘોષ! આજે તારે સહુ શ્રમણોને વાચના આપવાની છે. એ ય પ્રાકૃતમાં!'

સંસ્કૃત તો ભણવાની ય હિંમત કરી હતી, પણ પ્રાકૃત ભાષા શિખવાની પુસ્તકને તો જે મુનિએ દૂરથી જ વંદન કરી અંજલિ જોડી હતી, તે મુનિને જ્યારે પ્રાકૃતમાં બોલવાનું કહેવામાં આવે, તે વખતની પરિસ્થિતિ અને મનઃસ્થિતિ કલ્પી જોજો.

ભાષાના અજાણ મુનિ, અજાણી ભાષા અને શ્રોતા-સભા વિદ્વાનોની... આ ઓછું હોય તે વળી પ્રેક્ટીસનો સમય જ નહીં!


છતાં મુનિશ્રી આ કસોટીને પાર પામી ગયા. આદેશ જો દાદાગુરુદેવશ્રીનો હોય, તો 'તહત્તિ' સિવાય કોઈ વિકલ્પ જ નહીં. જે મુનિને શ્રાવકોની સભામાં વ્યાખ્યાનનો ય મહાવરો ન'તો અને શ્રમણોની સભામાં વાચનાની તો કલ્પના સુદ્ધાંય ન'તી, તે મુનિ જયઘોષ વિજયે દાદાગુરુદેવશ્રીના ચરણે માથુ ટેકવી દીધું ને આંખ બંધ કરી પ્રાકૃતમાં બોલવાનું શરૂ કર્યું. અસ્ખલિત પ્રવાહે ૪૫ મિનિટ વાચના આપી.

પ્રથમ વાચના પ્રાકૃત ભાષામાં આપી, તે અને ત્યારબાદની જે પણ વાચનાઓ આપી, છેલ્લા ૧૨ વર્ષની તો ગેરંટી સાથે કહી શકું કે એકવાર વાચનામાં વણાઈ ગયેલો પદાર્થ ફરી ક્યારે ય રિપિટ થયો નથી!

શાસ્ત્રોનું કેટલું પરાવર્તન કર્યું હશે કે વાચનામાં ક્યારે ય એકની એક વાતનું પુનરાવર્તન ન કરવું પડ્યું!

પ્રાકૃત ભાષામાં શરૂ કરેલ વાચના કેવી અપ્રાકૃત = લોકોત્તર!


સેવા અને સમાધિ



# સેવા અને સમાધિ

પુત્ર જવાહરની સાથે ગુરુદેવશ્રી મુનિ ભાનુ વિજયજી મહારાજના ચરણોમાં સર્વસ્વને સમર્પિત કરનાર મફતભાઈ જ્યારે મુનિ ધર્મઘોષ વિજય તરીકે ઘોષિત થયા, ત્યારે ય પોતાના સર્વસ્વ સમાન મુનિ જયઘોષ વિજયને ગુરુદેવશ્રીના ચરણોમાં સમર્પિત કરી દીધા, પિતા અને ગુરુ તરીકે બન્નેય પ્રકારના હક (!) જતાં કરીને !

સ્પષ્ટ શબ્દોમાં મુનિ જયઘોષ વિજયને તેમણે જણાવી દીધું : 'તારે દાદાગુરુદેવશ્રીની સમીપમાં અને સાંનિધ્યમાં જ બેસવાનું. મારી કોઈ પણ જાતની ફિકર કરવાની નહીં. બસ, ગુરુ સેવા અને શાસ્ત્ર સ્વાધ્યાયમાં તલ્લીન બનજે.'

વિ. સં. ૨૦૨૪ની સાલ સુધી મુનિ જયઘોષ વિજયનું આસન દાદાગુરુદેવશ્રીની પાટની બાજુમાં અને ઉપધિ-પાત્રા પાટની નીચે !

દાદાગુરુદેવશ્રીના કાળધર્મ બાદ થોડા વર્ષોમાં પિતા અને ગુરુ; બે દષ્ટિએ ઉપકારી મુનિ ધર્મઘોષ વિજયજી મહારાજનું સ્વાસ્થ્ય લથડ્યું ત્યારે સળંગ ૬ ચાતુર્માસ અમદાવાદમાં કરી પંન્યાસ જયઘોષ વિજયજી મહારાજે સેવા અને સમાધિનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું.

સાંજે ગોચરીમાં પિતા મુનિને ખાસ કંઈ વાપરવાની રુચિ ન થાય. એટલે પંન્યાસશ્રી જયઘોષ વિજય ગોચરીમાં કઢી પણ લાવે અને દૂધ પણ ! જે દિવસે જે ઈચ્છા થાય તે પિતામુનિ વાપરે, બાકીનું પુત્રમુનિ !

વિશેષતા તો એ કે પંન્યાસ જયઘોષ વિજયજીને દૂધ જરાય પણ માફક ન આવે, આજની તારીખે ય ! પણ અખંડ ૬ વર્ષની સેવા દરમ્યાન ક્યારે ય પિતામુનિશ્રી ધર્મઘોષ મહારાજને ગંધ પણ નથી આવવા દીધી કે 'જયઘોષ વિજયને દૂધ પ્રતિકૂળ છે.'

એક વખત પિતામુનિશ્રીનું સ્વાસ્થ્ય એકદમ જ લથડ્યું. ડૉક્ટરે અમુક ચોક્કસ પ્રકારનું ઈન્જેક્શન આપવા જણાવ્યું. સાથે એ પણ કહી દીધું કે આ સામાન્ય દવાની દુકાનમાં નહીં મળે. મોંઘું તો છે જ, દુર્લભ પણ છે.

પણ અસામાન્ય અવસરને પારખવામાં પ્રવિણ પંન્યાસ જયઘોષ વિજયજીએ ઈન્જેક્શન લેવા કોઈ શ્રાવકને ન મોકલતાં, ઉપાશ્રયમાં કામ કરતાં સામાન્ય માણસને મોકલ્યો. પરિચિત માણસને જોઈ કેમિસ્ટે ઈન્જેક્શન તો આપ્યું, સાથે કહી દીધું કે 'તું ઓળખીતો છે, માટે આપું છું. બાકી, સામાન્ય (!) માણસોને અમે આ ઈન્જેક્શન આપતાં નથી. આ એક જ છે. તમારા મહારાજને પૂછી જોજે. વધુ જરૂર હોય તો મંગાવી રાખવા પડશે.'

પંન્યાસ શ્રી જયઘોષ વિજયજીએ 'હા' પાડતાં બીજા ૮ ઈન્જેક્શન આવી ગયા. પણ તે ઈન્જેક્શનનો એક જ દોષ કે તેને રાખવા-સાચવવા ફ્રીજમાં રાખવા પડે. આ વાતની જાણ થતાં જ પંન્યાસશ્રી જયઘોષ મહારાજે તે ઈન્જેક્શન કેમિસ્ટને જ ભળાવી પોતે પાપની ભાગીદારીમાંથી મુક્ત થઈ ગયા.

ભાગ્ય હશે, તો ઈન્જેક્શનની જરૂરત જ નહીં પડે. અને ભાગ્ય હશે, તો ક્યાંયથી પણ પહેલીવારની જેમ જ ઈન્જેક્શન મળી જશે ! સેવા, સ્વાધ્યાય અને સંયમનો કેવો સુમેળ !

અંતિમ સમયે પણ સૂઝ વાપરી પૂ. આચાર્યશ્રી રામચન્દ્રસૂરિ મહારાજને અમદાવાદ-ભગવાન નગરના ટેકરેથી બોલાવી, તે જ ઉપાશ્રયમાં રાતે પણ રોકી લીધા. રાતના બે વાગે પૂ. રામચન્દ્રસૂરિ મહારાજના ખોળામાં મસ્તક મૂકી મુનિશ્રી ધર્મઘોષ વિજયજીએ નશ્વર દેહ છોડ્યો. પુત્રમુનિએ સેવા તો કરી, સમાધિ પણ આપી.

# અનોખો અભિગ્રહ





# અનોખો અભિગ્રહ

જવાહર નાનો હતો, સમજણો ન'તો ત્યારથી જ તેને 'ત્યાગ'માં રસ વધુ હતો. પિતા ચોકલેટ આપે તો તે સાધુભગવંતોના પાત્રામાં જઈને નાંખી આવે !

જવાહરની દીક્ષા 'સિઝન'માં થઈ હતી. એટલે કે કેરીગાળો હતો. આમેય મુનિ જયઘોષ વિજય 'બાલમુનિ' હોવાને નાતે સહુની લાડકા તો હતાં જ. તેથી સહુના લાડ-કોડ પણ ખરાં !

હજી તો વડીદીક્ષા પણ ન'તી થઈ. સાધુ-સમાચારી પ્રમાણે જ્યાં સુધી વડીદીક્ષા ન થાય ત્યાં સુધી નૂતન દીક્ષિત અન્ય સાધુઓની સાથે ગોચરી-પાણીથી માંડી પડિલેહણ-પ્રતિક્રમણ સુધીનો વ્યવહાર ન કરી શકે. ગોચરી વગેરે વાપરવા ચારે બાજુ દાંડા લગાવી અલગ જ 'ચોકો' માંડવો પડે. અને તે દાંડાની અંદર આવેલ ગોચરી અન્ય કોઈને ન કલ્પે.

એકવાર કોઈ મહાત્માએ આગ્રહ કરીને દાંડાની અંદર કેરીના રસની પાત્રી મુકી દીધી. જરાય ડર્યા વિના બાલમુનિએ રસની પાત્રી ઉઠાવી દાંડાની બહાર મુકી દીધી! અને હસતાં, મલકાતાં કહી દીધું : ('રસ વાપરવા દીક્ષા લીધી છે?') બસ, બાલમુનિને વાપરવા કરતાં વપરાવવામાં જ વધુ 'રસ' હતો !

માત્ર ૧૫ વર્ષની ઉંમરથી તો ગોચરી જતાં થઈ ગયા ને સહુને ગોચરી વહેંચ્યા બાદ જ, જે વધે તે વાપરી લે. ક્યારેક ખૂટે ને મંગાવવાની રાહ ય જોવી પડે. ત્યારે કોઈ સાધુ કહે કે 'તમે જ ગોચરી વહેંચો છો, તો સાથે સાથે તમારી ય ગોચરી કાઢી લો. ખોટું મોડું શું કરવાનું ?'

ત્યારે હસતાં-હસતાં સાવ જ હસી કાઢવા જેવું કારણ ધરી દે : 'તમે પહેલીવારની ઠંડી ગોચરી વાપરો. મને બીજીવારમાં ગરમ વાપરવા મળશે !' સમગ્ર સમુદાયમાં મુનિ જયઘોષ વિજયજીની છાપ : આપવામાં પાવરધા અને ત્યાગમાં શૂરા !

એકવાર વિચાર આવ્યો કે પરમાત્મા જો અભિગ્રહ કરી ૫ મહિના ને ૨૫ દિવસના ઉપવાસ કરે, તો આપણે પણ નાનો પણ તેવો જ કંઈક અભિગ્રહ કરી એકાદ વસ્તુનો ત્યાગ કેમ ન કરી શકીએ?

શાક વહોરે ખરાં, પણ બીજા મહાત્મા માટે. સ્વયં ન વાપરે.

આખરે દીર્ઘ અવધિ બાદ એક દિવસ કો'ક ઘરે ધર્મલાભ આપી મુનિ જયઘોષ વિજયજી ઊભા રહ્યા ત્યારે શ્રાવિકાબેન પાછળ ચોકીમાં કપડા ધોતાં હતાં ને આગળના હોલમાં છોકરી રમતી હતી.

'ધર્મલાભ'નો અવાજ સાંભળી શ્રાવિકાબેને છોકરીને ગોચરી વહોરાવવા જણાવ્યું. 'રંગમાં ભંગ' પડ્યાની જેમ પરાણે પણ બેને છોકરી પાસે વહોરાવવાનું શરૂ કરાવ્યું. પહેલાં રોટલી ને પછી વારો આવ્યો શાકનો. ચમચી ન મળતાં બેને ચપ્પુ ઉઠાવ્યું !

અભિગ્રહ પૂર્ણ થવાને આરે હતો. છોકરી હતી કુંવારી, શાક પણ હતું, ને તે વહોરાવવા માટેનું સાધન મળી ગયું ચપ્પું ! પણ આંસુ?

બાલહઠ ને સ્ત્રીહઠ ! બન્ને હઠના છેલ્લા શસ્ત્ર તરીકે તે દીકરીની આંખમાં આંસુ આવી ગયા. ને લગભગ ૬ મહિને મુનિ જયઘોષ વિજયનો અભિગ્રહ પૂર્ણ થયો.

આમ તો 'અભિગ્રહ'નો અર્થ થાય સ્વીકાર ! સ્વીકાર કરીને પણ ત્યાગ કરવાની કેવી મસ્ત કળા !

# વિના પાપનું પ્રાયશ્ચિત





# વિના પાપનું પ્રાયશ્ચિત્ત

મુનિ જયઘોષ વિજય ત્યાગ કરવામાં શૂરા હતાં, તો સહુ કોઈને વપરાવી જાણવામાં પાવરધા હતાં.

સ્વાધ્યાય યોગમાં તો પૂજ્ય ગુરુદેવોની કૃપાથી જોડાયા, ભક્તિયોગ તો તેમનો જન્મજાત જ હતો ને !

એકવાર ઠાણામાં ગુરુદેવ ભાનુ વિજયજી મ.ને આયંબિલની ઓળીના પારણાંમાં આરોગ્ય વગેરે કારણે માત્ર દૂધનું જ સેવન કરવાનું હતું. તે સમયે દાદાગુરુદેવશ્રીની નિશ્રામાં લગભગ ૫૦ સાધુઓની સ્થિરતા હતી. છતાં નાની વય અને નાનો પર્યાય હોવા છતાં મુનિ જયઘોષ વિજયે પહેલ કરી વિનંતિ કરી : 'આ લાભ મને જ મળવો જોઈએ.'

એ અરસામાં ઠાણા-ઉપાશ્રયની આજુબાજુમાં જૈનોની ખાસ વસ્તી ન'તી. તેથી સવા માઈલ દૂર ઠાણા સ્ટેશન પાસે, જ્યાં જૈનોનો સારી સંખ્યામાં વસવાટ હતો, ત્યાં નિત્ય ગોચરી જઈ, પાછા સવા માઈલ આવતાં. ૧૫ વર્ષના બાલમુનિની એ ભક્તિ લાગલગાટ ૧.૫ મહિનો ચાલી !

મુનિ જયઘોષ વિજયને જેમ અધૂરું ન ચાલે, તેમ ઓછું ય ન ચાલે. ગોચરી જાય ત્યારે તે સવાઈ કે બમણી જ લાવે ! અને સાથે તેમાં સાધુપ્રેમ એવો ભળ્યો હોય કે ક્યારેય વધે નહીં.

એકવાર જયઘોષ વિજયજી ગોચરી ગયા, પંન્યાસશ્રી ભદ્રંકર મહારાજના શિષ્ય મુનિ પુંડરિક વિજયજીની સાથે. જયઘોષ વિજય મોટા ને પુંડરિક વિજય નાના. સંગાથે ગોચરી નીકળેલા બન્ને મહાત્માઓને ગણતરી મુજબની લગભગ ગોચરી વહોરાઈ જવા છતાં મુનિ જયઘોષ વિજય આગળના ઘરે લાભ આપવા આગળ વધ્યા, ત્યાં પુંડરિક વિજયજીએ કહ્યું : 'મહાત્મા ! ગોચરી પૂરી વહોરાઈ ગઈ છે.' ત્યારે જયઘોષ વિજયે પૂરો અને આખો (!) જવાબ આપતાં કહ્યું : 'હું મોટો છું. જેમ વહોરાવું, તેમ વહોરો. હજુ વધુ વહોર્યા પછી પણ મકાને પહોંચીએ ત્યારે જોજો, ગોચરી ખૂટે નહીં તો મને કહેજો.'

અને ખરેખર, મુનિ જયઘોષ વિજયે એવી ભક્તિથી ગોચરી વપરાવી કે બીજી વખત લેવા જવું જ પડ્યું !


ગુરુદેવશ્રી ભાનુ વિજયજી મહારાજની નિશ્રામાં એક વખત એવી ઘટના ઘટી કે મુનિ જયઘોષ વિજયના સ્થાને આપણે હોઈએ તો આપણા હૃદયમાંથી સાધુ પ્રત્યેના પ્રેમ-ભક્તિ જેવા શબ્દો કે ભાવો ભૂંસાય નહીં, પણ થોડા-ઘણા ઘસાય તો ખરાં જ !

બન્યું એવું કે એક વખત ગોચરી ખૂબ વધી. આમે ય વધારે ગોચરી લાવવામાં મુનિ જયઘોષ વિજયનું નામ પંકાયેલું જ હતું ! તેથી ટોપલો જયઘોષ વિજયના શિરે આવ્યો.

ઠેઠ ગુરુદેવ સુધી વાત પહોંચી ને સાંજે જ્યારે સહુ મહાત્માઓ ગુરુદેવને સામૂહિક વંદન અને વાચના માટે ભેગા થયા ત્યારે ગુરુદેવે જયઘોષ વિજયને ગોચરી વધારે લાવવા બાબતે ઠપકો આપ્યો ને સહુ મહાત્માઓને 'મિચ્છામિ દુક્કડમ્' આપવા જણાવ્યું. સહજ ભાવે જ પોતાની ભૂલ (!) સ્વીકારી લઈ જયઘોષ વિજયજીએ બે હાથ જોડી સહુને 'મિચ્છામિ દુક્કડમ્' કર્યું; કોઈ જાતના ખુલાસા વિના સાવ જ ખુલ્લા મને !

રાત્રે જ્યારે વ્યવસ્થાપક મુનિ 'આવતીકાલે ગોચરી કોને મોકલવા?' તે વ્યવસ્થા ગોઠવવા બેઠા ત્યારે ખબર પડી કે 'આજે મુનિ જયઘોષ વિજય ગોચરી ગયાં જ ન'તાં !'

ભૂલ હોય તો તેને 'ગળી જવી' એ તો સમજ્યા છીએ. પણ ભૂલ જ ન હોય, તો ય તેને 'ગળી જવાની' મુનિ જયઘોષ વિજયની કેવી અનોખી કળા ! સહુને વપરાવે ય ખરાં ! ને પોતે ગળી ખાય પણ ખરાં !


અર્પણનો આનંદ



# અર્પણનો આનંદ

'ન ખાધું ન ખાવા દીધું, લૂંટનારે લૂંટી લીધું'ની જેમ કેટલાક જીવોનો સ્વભાવ મધમાખી જેવો હોય છે, તો જે હોય તે બધું જ સહુને લૂંટાવી દઈને કેટલાકનો સ્વભાવ મધ જેવો મીઠો પણ હોય છે.

સાહેબનો સ્વભાવ લૂંટવાનો નહીં પણ લૂંટાવી દેવાનો છે. તેમાં ય પોતે આપે તેના કરતાં કોઈ લૂંટી જાય, તેમાં તેમને વધુ આનંદ આવે છે!

પોતાને કંઈક વસ્તુ ન મળે, તો ઓછું ન લાગે અને કોઈક પોતાની પાસેથી કંઈક લઈ જાય, તો ઓછું ન થાય!

દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ એક વખત કેટલાક ચુનંદા સાધુઓને સ્થાપનાચાર્ય આપવાનો નિર્ણય કર્યો. 'કોને કોને સ્થાપનાચાર્ય આપવા?' તે સાધુઓનું લિસ્ટ પણ તૈયાર કરી જાહેર કરી દીધું.

બન્યું એવું કે ગણતરીમાં જરા સરખી ભૂલ થઈ હતી. જેટલા સાધુને સ્થાપનાચાર્ય આપવાના હતાં, તેટલા સ્થાપનાચાર્ય જ ન'તાં, એક ઓછા હતાં. જરાય વિચાર્યા વિના પૂરા વિશ્વાસ સાથે દાદાગુરુદેવશ્રીએ જયઘોષ વિજયને જણાવી દીધું : 'આ વખતે તને સ્થાપનાચાર્ય આપવાના નથી.'

જયઘોષ વિજયે પણ અનોખી 'એકત્વ' ભાવના પ્રદર્શિત કરતો પ્રત્યુત્તર વાળ્યો : 'આપના સ્થાપનાચાર્ય; એ મારા જ છે ને!' કોઈ પણ જાતના અધિકાર વિના પણ કેવો હક્ક!

ન મળે તો ઓછું ન આવે, પણ જ્યારે કોઈ માંગે ને પોતે ન આપી શકે તો જરૂર ઓછું લાગે!

પોતાના પિતા અને ગુરુ, બે રીતે અદ્વિતીય ઉપકારી મુનિ ધર્મઘોષ વિજયજી મહારાજે પુત્રમુનિને સૂચના કરી : 'જો જયઘોષ! મારા પછી આ મારા સ્થાપનાચાર્ય તારે જ રાખવાના.' ત્યારે આ વાક્યમાં 'જ'કાર જયઘોષ વિજયને ખૂંચ્યો ને તરત કહ્યું : 'મારી પાસે કોઈ જ્યારે માંગે, તો તેને હું 'ના' શી રીતે પાડું?' આખરે રત્નાંશુ મહારાજે 'એ સ્થાપનાચાર્ય પોતે સંભાળશે,' તેવી જવાબદારી (!) સ્વીકારી. જે સ્થાપનાચાર્ય સમક્ષ આજે પણ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી સઘળી આરાધના કરે છે.

આવો જ એક તાલ પૂજ્ય ગુરુદેવ સાથે બન્યો.

એક સરસ નવી પેન આવી. ગુરુદેવશ્રી પંન્યાસ ભાનુ વિજયજી મહારાજે પિંડવાડામાં જયઘોષ વિજયને બોલાવી તે પેન આપતાં કહ્યું : 'તમારે ઘણું લખવાનું ચાલે છે. સારા પોઈન્ટવાળી સુંદર પેન છે, કામ લાગશે. અને તને જ યોગ્ય છે. માટે એક શરત છે : 'આ પેન કોઈને ન આપવી.'

તુરંત પેન લઈ તો લીધી, ગુરુદેવની અવજ્ઞા ન થાય તે માટે. પણ એ શરત જયઘોષ વિજય માટે તો સંકટ પૂરવાર થઈ.

ત્રણ દિવસ સુધી તો તે પેન કોઈની આંખે ન ચઢે, તે રીતે છુપાવીને રાખી. કોઈ લઈ ન જાય, તે માટે નહીં, પણ કોઈ માંગે તો 'ના' કયા મોઢે પાડવી? તે માટે. એક બાજુ ગુરુદેવે કોઈને પણ આપવાની 'ના' પાડી હતી. તો બીજી બાજુ પોતે કોઈને ના પાડી શકે તેમ ન'તાં.

આખરે, ચોથા દિવસે ગુરુદેવ પાસે જઈને પેન પાછી અર્પતાં જણાવ્યું : 'આ પેન માટે આપે મને યોગ્ય ગણ્યો, તે મારું સદ્ભાગ્ય. પણ કોઈ પેન માંગે તો હું આપ્યા વગર રહી ન શકું. માટે આ સશરતી પેન આપશ્રી સ્વીકારો.'

'કોઈને પેન ન આપવી' તે શરત હોવા છતાં જયઘોષ વિજયે ગુરુદેવને જ પેન પણ આપી ને શરત પણ પાળી!


ઐક્ય ભાવના
પૂ. નેમિસૂરિ મ.નો સમુદાય
પૂ આનંદસાગર મ.નો સમુદાય
પૂ. ધર્મસૂરિ મ.નો સમુદાય
પૂ પ્રેમ ભુવનભાનુસૂરિ મ.નો સમુદાય
પૂ. રામસૂરિ (ડહેલાવાળા) મ.નો સમુદાય

# ઐક્ય ભાવના

જવાહર... બાલમુનિ જયઘોષ વિજય... સ્વાધ્યાયી જયઘોષ વિજય... પંન્યાસ જયઘોષ વિજય... આચાર્ય વિજય જયઘોષસૂરિ... ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિ... આ પ્રત્યેક તબક્કામાંથી પસાર થતાં જવાહરનું પ્રત્યેક પાસું વધુ તેજદાર અને ધારદાર બનતું ગયું છે.

જેમણે સંપૂર્ણ જીવન ગુરુદેવના સાંનિધ્યમાં જ વ્યતીત કર્યું છે, એક પણ ચાતુર્માસ સ્વતંત્ર નથી કર્યું ! જેમણે આજીવન સ્વાધ્યાયની ધૂણી ધખાવી રાખી છે, આચાર્ય બન્યા ત્યાં સુધી અને ત્યારબાદ પણ લોક સંપર્કથી નિર્લેપ રહ્યા છે, તે આચાર્ય જયઘોષસૂરિ મહારાજ કે જેમને જલગાઁવ મુકામે વિ. સં. ૨૦૪૦ની સાલમાં ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે આચાર્યપદની સાથોસાથ 'સિદ્ધાંત દિવાકર'ની પદવી મળી હતી, તે હવે 'ગચ્છાધિપતિ' પદને વર્યા હતાં.

જીવનભર શ્લોક સંપર્કમાં રહેનાર પૂજ્યપાદશ્રી જ્યારે ગચ્છાધિપતિ બન્યા, ત્યારથી એકાએક લોક સંપર્કમાં આવવાનું થયું. અચાનક આવી પડતાં બદલાવમાં માણસ તરત જ 'સેટ' ન થાય તે તો સમજ્યા, પણ પૂજ્યપાદશ્રી તો હજી ય 'સેટ' નથી થયા, તો 'અપસેટ' પણ નથી થયા. તેઓશ્રીએ ઉદાસીનતા જરૂર રાખી, પણ ઉપેક્ષા તો ધરાર નથી જ કરી.

શ્રાવકોના સંપર્કને તેઓશ્રીએ ક્યારે ય ગૃહસ્થ કે અવિરતિધરના સંપર્કની દૃષ્ટિએ તોળ્યો નથી. તેઓએ તો તેમનામાં ય તીર્થંકર વંદ્ય સંઘના જ દર્શન કર્યાં છે !

માટે જ, વર્તમાનમાં આટલી વયસ્ક ઉંમર... શારીરિક અસ્વસ્થતા... તો બીજી બાજુએ ઉત્તરોત્તર ચઢતાં ક્રમે થતાં તપોત્સવો... સવારથી લગાવી છેક બપોર સુધી તપસ્વીઓ અને 'બોનસ'માં તેમની સાથેના તેમના પરિવારજનો પચ્ચક્ખાણ તેમ જ વાસક્ષેપ માટે રીતસર લાઈન લગાવે. ત્યાં મારા જેવા માત્ર 'જોનારા' થાકી જાય, પણ દ્રષ્ટાભાવમાં રમમાણ પૂજ્યપાદશ્રીમાં ક્યારે ઉકળાટ, ઉચાટ કે ઉપેક્ષા જોવા ન મળે. ઉપરથી તેઓશ્રી આપણને સમજાવે : 'આ શ્રાવકો તો ચતુર્વિધ સંઘનું અંગ છે. તેમને કંટાળ્યા કે થાક્યા વગર વાસક્ષેપ કરવો; એ તો સમ્યગ્દર્શનની શુદ્ધિનું કારણ છે !'

સંઘ અને શાસન પ્રત્યેના જ્વલંત પ્રેમથી પૂજ્યપાદશ્રીનું હૃદય કેવું ભીનું ભીનું છે, તે જાણવા એક જ ઉદાહરણ પર્યાપ્ત છે.

અહમદનગરનો તે ઉપાશ્રય. મુંબઈ-માટુંગાનો સંઘ ત્યારે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી સમક્ષ પરમાત્માશ્રી સુમતિનાથ ગૃહ-જિનાલયની પ્રતિષ્ઠા માટે વિનંતિ કરવા પધાર્યો. નાનું ગેરેજ જેવડું જિનાલય. નાના-નાના ત્રણ જિનબિંબ... બિંબ ભલે નાનું હતું, પણ બિંબમાં પ્રતિષ્ઠિત થનાર પ્રાણ ઘણા વિશાળ હતાં. તો પ્રાણ પ્રતિષ્ઠા કરનાર આચાર્યના હૃદય પણ ઘણા ઉદાર હતાં.

'તમારું જિનાલય ભલે નાનું છે, પણ સંઘ ઘણો મોટો છે. સમસ્ત મુંબઈમાં જે પણ સમુદાયના જે પણ આચાર્ય ભગવંતો બિરાજમાન હોય તે સહુને વિનંતિ કરો. નાના જિનાલયનો મોટા પાયે પ્રતિષ્ઠા પ્રસંગ ઉજવો.'

'મારાથી મોટા પણ આચાર્યોને નિશ્રા માટે વિનંતિ કરજો.' તેવી ખુલ્લી છૂટ મળી જતાં માટુંગા સંઘમાં પ્રતિષ્ઠા ઉત્સવ પહેલાં જ ઉત્સવ મનાવાયો. સેન્ટ્રલ, વેસ્ટર્ન અને હાર્બલ; ત્રણેય લાઈનમાં તે સંઘ વિનંતિ માટે ફરી વળ્યો. સમગ્ર મુંબઈમા બિરાજમાન સમસ્ત આચાર્ય ભગવંતોને ટાળી ન શકાય તેવી આગ્રહપૂર્ણ વિનંતિ કરી.

સંઘ-શાસન ઐક્યની વિશુદ્ધ ભાવનાથી પ્રેરાઈને ઉદાર મનના પૂજ્યપાદશ્રીએ વાવેલ એ વિચારબીજનું ફળ હતું : ૨૫ આચાર્ય ભગવંતોની નિસ્તારક નિશ્રા !

# ચમત્કાર





# ચમત્કાર

પાંચમાં આરામાં, દુષમ કલિકાલમાં દુર્લભ ગણી શકાય તેવો ગુણ અને પુણ્યનો સંગમ પૂજ્યપાદશ્રીના જીવન તટ પર આજે ય જોવા મળે છે.

પૂજ્યપાદશ્રીમાં ગુણ અને પુણ્યની યુતિએ ઘણા અશક્ય ગણાતાં કાર્યો, ચમત્કારો સર્જ્યા છે. આપણને ભલે તે કાર્ય ચમત્કાર લાગે, પણ તેઓશ્રીની દૃષ્ટિએ તો તે સામાન્ય અને સાહજિક જ હોય છે.

ક્યારેક તેઓ શ્રીમદ્‌ના અન્તઃકરણમાં સહજ રીતે જ નિકળેલ વાક્ય ચમત્કાર સર્જી દેતું હોય છે-બે ય રીતે ! માની લઈએ તો ચમત્કાર ને ન માનીએ તો પરચો !

ચમત્કારની વાત કરું તો યાદ આવે પૂજ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજાનું શતાબ્દી વર્ષ. એક વયસ્ક મહાત્મા જેમની વય લગભગ ૭૨ની આસપાસ હશે, તે મહાત્મા પૂજ્યપાદશ્રી પાસે એક ઉપવાસનું પચ્ચક્‌ખાણ લેવા આવ્યા.

'ઉપવાસ કરવો તો એક શું? આખું માસખમણ જ કરો.' પૂજ્યપાદશ્રીના સહજ ઉદ્‌ગારને પેલા મહાત્માએ 'તહત્તિ' કરી સ્વીકારી લીધો ને માસખમણની ભાવના સાથે અઠ્ઠમનું પચ્ચક્‌ખાણ લીધું.

જેમણે અઠ્ઠમ પણ સૂતાં સૂતાં કર્યો હતો તે વયોવૃદ્ધ મુનિશ્રી કલ્પભૂષણ વિજયજી મહારાજે કોઈના પણ હાથ કે હાથાનો ઉપયોગ કર્યા વિના ૩૦થી ય આગળ વધી ૩૬ ઉપવાસ હરતાં ફરતાં પૂર્ણ કર્યા.

અને પરચાની વાત કરું તો યાદ આવે શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ દાદાનું તીર્થ, કુંભોજગિરિ. પર્વતની તલાટીમાં નવનિર્મિત જહાજમંદિરની પ્રતિષ્ઠા પૂજ્યપાદશ્રીની નિશ્રામાં હતી. મનોમન મેં સંકલ્પ કરેલો કે લગભગ ૧૫ દિવસ અત્રે સ્થિરતા છે, તે દરમ્યાન એક પણ દિવસ જગવલ્લભ દાદાના દર્શન વિના ન જવા દેવો.

શરૂઆતના બે-ચાર દિવસ તો બરાબર ચાલ્યું. પણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ જ દિવસે વિધિ-વિધાનો તેમ જ કાપ વગેરે કારણોસર ઠેઠ બે વાગે હું પરવાર્યો. મનમાં સતત દાદાની સ્મૃતિ રમતી હતી એટલે તરત જ કાંમળી, દાંડો લઈ પૂજ્યપાદશ્રીને 'મત્થએણ વંદામિ' કરી રજા માંગી.

'આજે ઘણો થાક્યો છે, થોડી વાર સૂઈ જા.'

'તો આજે જાત્રા ચૂકાઈ જશે.'

'ઠીક છે. જા.'

આ નાનકડા પરિસંવાદમાં 'ઠીક છે'નું મહત્ત્વ સમજી ન શક્યો, ખરેખર તો તેમાં જ 'ઠીક' વર્તાતું ન'તું ! યાત્રા કરીને ચાર વાગે જ્યારે ઉતરતો હતો ત્યારે રસ્તામાં તાવની કસર વર્તાઈ ને પૂરો ૪ ડીગ્રી તાવ ! ત્યાર પછી એક પણ યાત્રા ન કરી શક્યો !

પૂજ્યપાદશ્રીનું માની લઈ તે એક યાત્રા છોડી હોત, તો અગ્યાર કરવા મળત !

આ પરચો ગણાય - તેણે મને ઘણો ... જાતે જ સમજી જજો !

આપણી દૃષ્ટિએ 'ચમત્કાર'માં ગણના પામતી ને ખુદ પૂજ્યપાદશ્રી સાથે જ સંકળાયેલી એક ઘટનાને જાણી લઈએ.

એ જહાજ મંદિરની જ પ્રતિષ્ઠા કરી મુંબઈ તરફનો વળતો વિહાર હતો. વડગાઁવથી તંડુલવાડી ગામનો લગભગ ૧૩ કિ.મી.નો વિહાર કરી અમે જ્યારે પૂજ્યપાદશ્રીની સાથે વિહારધામે પહોંચ્યા, ત્યાં ક્યારેય ન વિચારેલું અજબ જોવા મળ્યું.

પૂજ્યપાદશ્રી જેવા વ્હીલચેરમાંથી નીચે ઊતર્યા કે તરત જ વ્હીલચેરનું ડાબી બાજુનું પાછળનું પૈડું છૂટું પડી ગયું ને વ્હીલચેર બેલેન્સ ગુમાવી પડી ગઈ ! જેના પર પૂરા અઢી કલાકનો વિહાર કર્યો તે વ્હીલચેર આમ એકાએક જ ગબડી જાય? તે પૂજ્યપાદશ્રીના પુણ્યના ટેકે જ ટક્યું હશે ને !


જીવંત નવકાર



# જીવંત નવકાર

લીમડાનો સ્વભાવ કડવો હોય છે, તો કેરીનો મધુર. એ ફળ ઠેઠ સુકાઈ જાય ત્યાં સુધી પણ પોતાનો સ્વભાવ છોડતું નથી.

જવાહરથી ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા... એક બીજથી લગાવી ઠેઠ ફળ સુધીનો તેમનો એક જ સ્વભાવ રહ્યો છે : વાત્સલ્ય.

દીક્ષા પૂર્વેથી જ તેઓને સાધુ પ્રત્યે અપૂર્વ પ્રેમ હતો. એટલે જ તો સાધુઓના પાત્રામાં જઈ જઈ બાળકને મનભાવતી ચીઝ-ચોકલેટ નાંખી આવતાં. જ્યાં પ્રેમ સદ્ભાવ વધે, ત્યાં સ્વાર્થ અલોપ થઈ જાય, જાત પણ ભૂલાઈ જાય.

ગુરુદેવશ્રી પંન્યાસ ભાનુ વિજયજી મહારાજની આચાર્ય પદવીનો પ્રસંગ હતો. અમદાવાદ દાનસૂરિ જ્ઞાનમંદિરના વિશાળ ઉપાશ્રયમાં જાણે કે સાધુ ભગવંતોનો મહાકુંભ ભરાયો હતો. સહુ કોઈ મહાત્મા ગુરુદેવના પદાર્પણ પ્રસંગની ઉજવણીમાં તલ્લીન હતાં.

જ્યારે પદ-મંડપમાં **'दव्व-गुण-पज्जवेहिं अणुजाणामि'** કહીને ગુરુદેવને શાસનનો સર્વાધિકાર સોંપવામાં આવતો હતો, જ્યારે ગુરુદેવ 'પંન્યાસ ભાનુવિજય'માંથી 'આચાર્ય ભુવનભાનુસૂરિ' તરીકે ઘોષિત થઈ રહ્યા હતાં અને જ્યારે સમગ્ર શિષ્યગણ અને સભાગણ હર્ષાશ્રુ સાથે ગુરુદેવને વધાવી રહ્યો હતો, ત્યારે સહુ સાધુઓની ભક્તિમાં મગ્ન એક મુનિ દાનસૂરિ જ્ઞાનમંદિરના ઉપાશ્રયમાં ઠેઠ ચોથે માળે કુલ ૪૦ ઘડા પાણી ઠારી અને ગાળી રહ્યા હતાં. સ્વયં પ્રસંગ માણવાનો છોડી સુહને પ્રસંગ મનાવવાનો આનંદ લૂટી રહ્યાં હતાં !

એ જ મુનિનો જ્યારે ખુદનો પંન્યાસ પદવીનો ઉત્સવ હતો ત્યારે ય આવી જ ઘટના ઘટી.

સહુ મુનિવરો પૂજ્યપાદ આચાર્યશ્રી રામચન્દ્રસૂરિ મહારાજની નિશ્રામાં ગોચરી વાપરવા ગોઠવાઈ ગયા હતાં. ગોચરી આવી ગઈ હતી, પણ પાણી બાકી હતું ત્યારે આ ભાવી પંન્યાસ મુનિવરે ગુપચૂપ પાણીનો ઘડો લાવી બહાર દાદરા પાસે મૂકી દીધો ને પોતાની આ ચોરી (!) પકડાઈ ન જાય, માટે બીજા એક સાધુ પાસે એ ઘડો અંદર મંગાવી દીધો !

ગુરુદેવના પ્રસંગમાં તો તેમણે પોતાનો 'સ્વભાવ' દાખવ્યો જ હતો, પણ ખુદના પ્રસંગમાં ય તેઓના સ્વભાવે ક્યારે ય રંગ ન'તો બદલ્યો !


તેઓશ્રી નાનામાં નાના સાધુની ય ઈચ્છાપૂર્તિ કરતાં, તો મોટા મોટા આચાર્યોની પણ હિતની કાળજી કરતાં. હમણાં જ એક તપસ્વીરત્ન પંન્યાસજી મહારાજનો પત્ર આવેલો, જેમણે પોતના સંયમ જીવનના શરૂઆતના વર્ષોમાં પૂજ્યપાદશ્રીએ કરેલ ઉપકારને કૃતજ્ઞભાવે સ્મરણ કરતાં લખ્યું : 'દીક્ષાના બીજા જ વર્ષે મને મટકા કામળી જોઈ'તી હતી, આપશ્રીએ નવી મટકા કામળી આપી હતી. મારી ઘણી મેજર ભૂલો પણ ગુરુદેવ પાસે લઈ જતાં ન'તાં.'

તો બીજી બાજુએ; હમણાં જ સમુદાયના એક વરિષ્ઠ આચાર્યને 'આચારાંગ સૂત્ર'ની પ્રત વાંચવા માટે મોકલી ! અને પછી અમને જણાવે : આચાર્ય થયા એટલે અમારે આચારાંગ ન વંચાય તેવું નહીં. પરિણતિ તો બધાએ સુધારવી પડે અને જાગૃતિ વધારવી પડે !

આટલી ઉચ્ચ પદવીએ બિરાજ્યા પછી પણ કેવું વાત્સલ્ય ! પૂજ્યપાદ યશોવિજય સૂરિ મહારાજ ચુકતાનંદજીનું વાક્ય ટાંકતાં હોય છે : ગુરુની વાત્સલ્યની નદીને કિનારા નથી હોતાં !

પૂજ્યપાદશ્રીના સંદર્ભમાં આ વાક્ય કેવું લાગુ પડે છે કે જ્યારે પૂજ્યપાદશ્રી જાપ કરવા બેઠાં હોય, સૂરિમંત્રનો પટ ખોલી આહ્વાન સ્થાપના કરી દીધી હોય ત્યારે કોઈ સાધુ જો પૂજ્યપાદશ્રી પાસે આવે તો તરત અડધી ગણાયેલી મંત્રમાળા બાજુએ મૂકી દે ! અને કહે : 'પટમાં તો સ્થાપના પરમેષ્ઠી છે. જીવતાં પરમેષ્ઠીનો અનાદર કરું તો સ્થાપના પરમેષ્ઠી કેવી રીતે પ્રસન્ન થાય?'

વર્તમાનકાળમાં બ્રહ્માસ્ત્ર જેવું પૂજ્યપાદશ્રીનું બ્રહ્મવાક્ય યાદ રાખવા જેવું છે : 'જીવંત પરમેષ્ઠી; એ જ જીવંત શાસ્ત્ર !


અન્તર્મુખ અન્તઃકરણ



# અન્તર્મુખ અન્તકરણ

સિદ્ધાન્ત દિવાકર, ગીતાર્થમૂર્ધન્ય, સિદ્ધવચની, પ૨૭ શ્રમણ ગચ્છાધિપતિ ... આવો વજનદાર પ્રભાવ અને સામી તરફ હળવાફૂલ પૂજ્યપાદશ્રી ! માટે જ જ્યારે જ્યારે શ્રાવકોના દર્શનાર્થે ભીડ કે પ્રસંગોની હારમાળા જામે ત્યારે ક્યારેક ક્યારેક પૂજ્યપાદશ્રી બોલી ઊઠે : ‘આપણે મોટા સ્થાને બેઠા, એટલે બધે જ વચ્ચે જઈ બેસવું પડે, બધા જ આપણો આગ્રહ રાખે.’

૪૦-૪૦ વર્ષ સુધી જે શ્લોકસંપર્કમાં જ રહ્યા હોય, તેઓ અચાનક જ આ બદલાવમાં સેટ ન થાય તો સમજ્યાં, પણ પૂજ્યપાદશ્રી તો ૨૩ વર્ષ થયે હજી ય સેટ નથી થયા !

પૂજ્યપાદશ્રી ‘સેટ’ નથી થયા તે વાત સાચી, પણ ‘અપસેટ’ પણ નથી, તે પણ એટલું જ સાચું ! મને ઘણીવાર વિચાર આવી જાય કે જેમણે ૪૦-૪૦ વર્ષ સુધી એકાંતવાસમાં જે લખલૂટ કમાણી કરી છે, તે જાહેર થતાં ‘ઈન્કમટેક્ષ’ ચૂકવવો ન પડે ?

અવિરત ચાલતાં શાસન પ્રભાવક પ્રસંગો, અંજનશલાકા-પ્રતિષ્ઠાઓ, પ્રવ્રજ્યાઓ, સામૂહિક ચાતુર્માસ અને સામૂહિક તપ આયોજનો, તો સાથે એક ગચ્છાધિપતિ તરીકે સમુદાયના પ્રત્યેક સાધુની વ્યક્તિગત કાળજી, વાત્સલ્ય, હિંતચિંતા અને હિતશીક્ષા, પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ અને સ્વાધ્યાય દ્વારા પરિણતિની વિશુદ્ધિ ... આ બધી જ વ્યસ્તતામાં પૂજ્યપાદશ્રી ક્યારેય વ્યગ્ર કે ઉગ્ર નથી બન્યાં. તેઓના મુખ પર સદાય પ્રસન્નતા જ લહેરાતી, જીભ પર કાયમ મીઠાશ જ પ્રસરાતી અને કરુણામય આંખડી હર હંમેશ વાત્સલ્ય જ વહાવતી હોય છે.

પુલ પરથી માણસ પસાર થાય તે પાણીથી જરાય ન ભીંજાય, તેવી જ રીતે વ્યવહારની ચાહે કોઈ પણ ઘટના હોય, પૂજ્યપાદશ્રી ન ભીંજાય તો ઠીક, પણ જરા સરખા સ્પર્શાયા પણ નથી. તેઓશ્રી પ્રત્યેક વ્યવહારથી પર અને ઉપર જ જીવ્યા છે.

પૂજ્યપાદશ્રીને ક્રોધ કષાય તો નથી જ, પણ સ્નેહ રાગ પણ નથી. તેઓ નિંદા અને પ્રશંસા, બન્નેયમાં સમભાવ છે. નિંદા થાય ત્યારે તેઓને ઉપેક્ષા કરતાં ય આવડે છે ને પ્રશંસા થાય ત્યારે ઉદાસીનભાવમાં રહેતાં ય આવડે છે.

બે ય કાંઠે છલકાતી નદી જેમ નગરનું સૌભાગ્ય અને સમૃદ્ધિ છે, તેમ આંતરિક અને બાહ્ય; બે ય કાંઠે ગુણ અને પુણ્યથી છલકાતાં પૂજ્યપાદશ્રી વર્તમાનકાળના જૈન શાસનનું સૌભાગ્ય અને સમૃદ્ધિ છે.

પૂજ્યપાદશ્રીના જીવનને જ્યારે આરપાર જોઈએ ત્યારે પૂજ્ય મહોપાધ્યાયજી યશો વિજયજી મહારાજ રચિત જ્ઞાનસાર યાદ આવ્યા વગર ન રહે :

**‘‘यस्त्यक्त्वा तृणवद्बाह्यमान्तरं च परिग्रहम् ।**
**उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ।।’’**


બાહ્ય અને અભ્યન્તર કષાય-વિષયોના પરિગ્રહને એક ઘાસના તણખલાંની માફક છોડીને જે ઉદાસીન ભાવમાં રમે છે, ત્રણ જગત્ તેની સેવા કરે છે.

સ્વાધ્યાય, વાંચન, ચિંતન અને ગહન અનુપ્રેક્ષામાં જ સતત મગ્ન રહેતાં પૂજ્યપાદશ્રીના સંદર્ભમાં આ શ્લોક સંપૂર્ણપણે બંધબેસતો છે અને ચિત્તમાં સ્પષ્ટ થઈ જાય છે : ‘જે બધું છોડી શકે છે, તેને જ બધું મળી શકે છે.’

બાહ્ય સમૃદ્ધિના શિખર પર બિરાજમાન પૂજ્યપાદશ્રી આજે ય નિત્ય પ્રાતઃકાળે વીતરાગસ્તોત્રના ૨૦ પ્રકાશનો પાઠ કર્યા બાદ જ અન્ય કાર્યોના આરંભ કરે છે તો અઠવાડિયે એકાદવાર ૭૦૦ શ્લોક પ્રમાણ દશવૈકાલિક ગ્રન્થને ય પાઠ કરી તાજો કરી લે છે તો વળી કો’ક મહાત્માને ચાનક લગાડવા ખુદ તેમનો પાઠ સાંભળવા ય બેસી જાય !

એક બાજુ અપાર વાત્સલ્ય અને બીજી બાજુ પરમ ઉદાસીન ભાવ ! કવિ શ્રી હરીશ મીનાશ્રુના શબ્દો યાદ આવે :

‘આમ જુવો તો નિત્ય રખોપાં, આમ નથી કાંઈ પરવા;
અમને ગુરુ મળ્યા છે ગરવા !


સુવિશાલ ગચ્છાધિપતિ



# સુવિશાલ ગચ્છાધિપતિ

એક વડલો જ્યારે તેની સેંકડો વડશાખાઓ ફેલાવીને ઊભો હોય છે તો ચોક્કસ તેના મૂળ વર્ષો પહેલાં વવાયેલાં હોવાં જ જોઈએ.

શાસન અને સંઘના અનેક પ્રભાવક પ્રસંગોના ઉત્સવમાં અને પ્રશ્નોના ઉકેલમાં પોતાની સેંકડો શ્રમણ-શાખાઓને વિસ્તારીને ઊભેલાં આ વિશાળ વડ જેવા સુવિશાલ સમુદાયના વડા પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના મૂળિયાં જરૂર વર્ષો પહેલાં વવાયેલાં હોવાં જ જોઈએ.

આજે દેખાતાં લીલાંછમ્મ સમુદાયની ઉજ્જવલતાનું પગેરું વિ. સં. ૨૦૨૦ની સાલમાં મળે છે, જ્યારે દાદાગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પોતાના સમુદાયની વ્યવસ્થા માટેનો પટ્ટક (વીલ) બનાવ્યો અને આવનારી એક શતાબ્દી માટે શાસન, સંઘ અને સમુદાયની સ્પષ્ટ રેખાદોરી દોરી દીધી ! કેવી દીર્ઘ દૃષ્ટિ !

વિ. સં. ૨૦૨૦ના એ પટ્ટકમાં સુદૂર ભાવને પણ નિશ્ચિત બનાવી દેતી બે મહત્ત્વની કલમ હતી :

૧) શાસ્ત્રીય પ્રશ્નોમાં મુનિશ્રી જયઘોષ વિજયની પણ સલાહ લેવી.

૨) પંન્યાસ ભાનુ વિજયજીની બાદ તેમની જવાબદારી (સમુદાય) મુનિશ્રી જયઘોષ વિજયને સોંપવી.

પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રીની પારખુ નજર અને મુનિ જયઘોષ વિજય બનેલ એ જવાહરનું પાણીદાર તેજ ! જે આજથી ૫૦ વર્ષ પહેલાં જ ઝળહળી અને ઝગમગી ઊઠ્યું હતું. જ્યારે જયઘોષ વિજયની વય હતી : ૨૮ વર્ષ ! અને ચારિત્ર પર્યાય હતો : ૧૪ વર્ષ !

ખૂબ જ નાની વયમાં ભાવી ગચ્છાધિપતિ તરીકે નિમણૂંક પામેલ મુનિ જયઘોષ વિજય વિ. સં. ૨૦૨૫ એટલે કે માત્ર ૧૯ જ વર્ષના ચારિય પર્યાયમાં તો પ્રાયશ્ચિત્ત પ્રદાતા બન્યા !

પૂજ્યપાદ હેમચંદ્રસૂરિ મહારાજે એકદા કહેલું : 'આપણે કો'ક સાધુના ઉપરછલ્લાં બે-ચાર દોષ જાણી લઈએ તો આપણો આદર તૂટી જાય. જ્યારે આપણા સાહેબજી ૫૦૦ સાધુઓની અંગત ડાયરીઓ વાંચી બેઠા છે, છતાં તેઓને પ્રત્યેક સાધુઓમાં જીવંત પરમેષ્ઠીના દર્શન થાય છે, તે આપણા સાહેબજીની ગંભીરતા અને ગરિમા છે !'

વિ. સં. ૨૦૪૯માં ગુરુદેવશ્રી ભુવનભાનુ સૂરિ મહારાજા કાળધર્મ પામતાં જ પૂજ્યપાદ પંન્યાસશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે દાદાગુરુદેવશ્રીના પટ્ટક અનુસારે આચાર્યશ્રી જયઘોષસૂરિ મહારાજની સમુદાયના બિનહરીફ અધિપતિ તરીકે ઘોષણા કરી દીધી અને સ્વયં સમર્થ સમુદાય સર્જી શકવાની તાકાત ધરાવતાં હોવા છતાં એક સમર્પિત શિષ્યની જેમ આજીવન પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞામાં વિચર્યા !

ઉદારતા, ગંભીરતા, હૃદયની વિશાળતા, કુશળતા, અનુવર્તકતા (આશ્રિતોના નાની-નાની ઈચ્છાને સંતોષવી), કુનેહ અને અવસરે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા... આવા અનેક ગુણોને કારણે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી સઘળા ગુરુભાઈઓ દ્વારા ગુરુતુલ્ય ગરિમાને પામ્યા.

આ ઉચ્ચ સ્થાન પામીને ય તેમની નમ્રતા, ઋજુતા, શ્રમણ માત્ર પ્રત્યેની સ્નેહાળતા અને ખાસ તો કોઈની ભૂલ કે અપરાધને ચાવવી નહીં, પણ ગળી જવાની આદતે (!) ૫૨૭ શ્રમણોને એકતંતુએ બાંધી રાખ્યા છે. ના, ભૂલ્યો. સહુ શ્રમણો તેમને વળગીને રહ્યા છે !

દાદાગુરુદેવશ્રી અને ગુરુદેવશ્રીએ જે સમુદાયના સંરક્ષણની જવાબદારી જયઘોષ વિજયના શિરે સોંપી હતી, તે જવાબદારી પૂરેપૂરી નિભાવી, સંરક્ષણ ઉપરાંત સંવર્ધન પણ કર્યું. ૨૫૦ શ્રમણોનો સમુદાય પૂજ્યપાદશ્રીના સાંનિધ્યમાં 'દિન દો ગુણા ઓર રાત ચો ગુણા' વધતો જ ગયો, જે આજે બમણાથી ય વધી ૫૨૭ના સ્કોરને પારી કરી ગયો છે.

શાસ્ત્રોને પચાવી પૂજ્યપાદશ્રી સાચા અર્થમાં 'સિદ્ધાંત દિવાકર' બન્યા તો શ્રમણોને જાળવી પૂજ્યપાદશ્રી ખરા અર્થમાં 'સુવિશાલ ગચ્છાધિપતિ' બન્યા.